**સુવિચાર**

આદર્શ અને ધ્યેય આરંભમાં નાના હોય પણ તેના સતત આચરણથી આંતરિક બળ જન્મે છેને હળવે હળવે મહાન આદર્શ તરફ લઈ જાય છે

:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૮/૦૯/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ ભાદરવા સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૨૩૯


## વડિયામાં બપોર બાદ ભારે પવન સાથે અર્ધો ઈંચ વરસાદ પડયો

### મગફળીનાં પથરા પલળતાં ખેડૂતો ચિંતામાં



વડિયા, તા. ૨૭

સમગ્ર રાજયમાં હાલ ભાદરવા મહિનામાં મેઘરાજા વણ માંગ્યા વરસાદ એકા એક વરસાવી રહ્યા છે ત્યારે બપોર બાદ વડિયા અને


**અનુસંધાન પાના ૬ ઉપર**


### આકર્ષક મોલમાં પણ ગ્રાહકોને શુધ્ધતાની ખાત્રી મળતી નથી

## અમરેલીનાં રીલાયન્સ કંપનીનાં સ્માર્ટ બજારમાં અખાદ્ય ઓર્ગેનિક ગોળ ગ્રાહકને પધરાવી દેવાયાનો આક્ષેપ

### ગ્રાહકે લેખિત ફરિયાદ રજૂ કરી તો સંચાલકોએ સ્વીકારવાની ના પાડી



અમરેલી, તા. ૨૭

અમરેલીના લાઠી રોડ ખાતે આવેલા સ્માર્ટ બજાર એટલે કે રિલાયન્સ મોલ દ્વારા અખાદ્ય ચીજ વસ્તુઓનું વેચાણ થતું હોય અને તે ચીજવસ્તુઓ જયારે ગ્રાહક પાછી લઈને જાય ત્યારે આ મોલના સંચાલકો તે ન સ્વીકારતા હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

આ ફરિયાદની વિગત એવી છે કે, એક ગ્રાહક ટી.એ. સાંડસુરે તારીખ ૧૭/૮/૨૦૨૩ના રોજ તેની પાસેના બિલ મુજબમાંથી રૂપિયા ૮૯.૧૦ પૈસાની કિંમત નો ૯૫૦ ગ્રામ ડેકન ઓર્ગેનિકનો ગોળ ખરીદ કરેલ હતો. આ ગોળ નવ મહિના પહેલાં એટલે કે તારીખ ૧૭/૧૨/૨૨નો પેકિંગ થયેલો હતો. એટલે નવ મહિના પહેલાંનો ! તેથી જયારે ગ્રાહકે ઘેર જઈને આ પેકિંગને તોડીને જોયું તો અંદર સફેદ પ્રકારની ફૂગ થઈ ગયેલ હતી, તેમાં દુર્ગંધ આવતી હતી. તેથી ગ્રાહક આ ગોળના બિલ સાથે જયારે અમરેલી સ્માર્ટ બજાર મોલ પર ગયાં ત્યારે તેના સંચાલકોએ આ ગોળ પરત લેવાની ના પાડી હતી.

પ્રથમ દ્રષ્ટિએ આ પ્રકારની અખાદ્ય કહી શકાય તેવી ચીજ વસ્તુઓનું વેચાણ કરવું તે ગુનાહિત કૃત્ય ગણાય. તે ચીજને પરત નહીં લેવી સ્માર્ટ બજાર


**અનુસંધાન પાના ૬ ઉપર**





























## અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજી ઠુંમરે આંકડાકીય ચિત્ર સ્પષ્ટ કર્યુ

# મોદી સરકાર ભલે આંકડા છુપાવે, પણ દેશવાસીઓ વ્યાપક પરેશાન

**દેશમાં ગરીબી, મોંઘવારી અને બેરોજગારીનું પ્રમાણ છેલ્લા ૫૦ વર્ષનો રેકોર્ડ તોડી રહ્યું છે**

**માત્ર પ્રચાર અને પ્રસાર કરીને દેશની વાસ્તવિકતાને દેશવાસીઓથી છુપાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે**

**દેશનાં કરોડો પરિવારોની આવક ઘટી જતાં બચતના નાણાથી ઘરનું ગુજરાન ચલાવવા મજબૂર બન્યા**

**મોદી સરકારનાં સાડા નવ વર્ષનાં શાસનમાં દેશની હાલત તમામ ક્ષેત્રે દયનીય બની ગઈ**

અમરેલી, તા. ૨૭

અમરેલીનાં પૂર્વ સાંસદ વિરજીભાઈ ઠુંમરે આજરોજ અત્રે એક નિવેદનમાં જણાવ્યું છે કે, સંસદનું વિશેષ સત્ર સમાપ્ત થઈ ગયું છે. આ સત્ર વિશે વાત એકદમ સ્પષ્ટ છે મોદી સરકાર દેશને કેટલાક મહત્વપૂર્ણ મુદાઓ–અદાણી કૌભાંડ, જાતિની વસ્તી ગણતરી અને ખાસ કરીને વધતી બેરોજગારી, વધતી અસમાનતા અને આર્થિક સંકટ વગેરેથી દૂર કરવાનો પ્રયાસ કરી રહી હતી. મોદી સરકાર ભલે ગમે તેટલા આંકડા છુપાવે પણ વાસ્તવિકતા એ છે કે મોટી સંખ્યામાં લોકો પરેશાન છે. આ ગયા અઠવાડિયે નોંધાયેલા કેટલાક તથ્યો છે જેને દબાવી દેવામાં આવ્યા છે.

તેઓએ જણાવેલ છે કે, સપ્ટેમ્બર ૨૦૨૩ માટેનું નવીનતમ બુલેટિન કોવિડ–૧૯ રોગચાળામાંથી બહાર આવવામાં મોદી સરકારની



સંપૂર્ણ નિષ્ફળતા દર્શાવે છે. ફેબ્રુઆરી ૨૦૨૦માં ૪૩% લોકો શ્રમ દળમાં હતા. ૩.૫ વર્ષ પછી આ સહભાગિતા દર લગભગ ૪૦% રહે છે. અઝીમ પ્રેમજી યુનિવર્સિટીનો અહેવાલ દર્શાવે છે કે ૨૦૨૧–૨૨ માં ૨૫ વર્ષથી ઓછી ઉંમરના ૪૨% થી વધુ સ્નાતકો બેરોજગાર હતા આ ગંભીર ચિંતાનો વિષય છે. રોગચાળા પહેલા પણ મહિલાઓને ૨૦૨૨ માં તેમની વાસ્તવિક આવકનાં માત્ર ૮૫% જ મળી રહી હતી. આપણે એ પણ જાણીએ છીએ કે રોગચાળાની શરૂઆત પહેલા પણ ભારતમાં બેરોજગારી ૪૫ વર્ષમાં સૌથી વધુ હતી. આ એક એવો આંકડો હતો જેને મોદી સરકારે છુપાવવાનો ભરપુર પ્રયાસ કર્યો હતો.

વધુમાં જણાવેલ છે કે, ખેડૂતોએ પકવેલા ધાન, શાકભાજી ખેડૂતોએ વહેંચી નાખ્યા બાદ વચેટીયાના હાથમાં આવ્યા પછી આવશ્યક ચીજવસ્તુઓની કિંમત ઝડપથી વધી હી છે. તેની સૌથી વધુ અસર સામાન્ય પરિવારના ઘરના બજેટ પર પડી છે. બધાએ ટામેટાના ભાવમાં અનિયંત્રિત વધારો જોયો. જાન્યુઆરી ૨૦૨૩થી તુવેરદાળના ભાવમાં ૪૫%નો વધારો થયો છે, કઠોળનાં એકંદર ફુગાવો ૧૩.૪% પર પહોંચી ગયો છે. ઓગષ્ટથી અત્યાર સુધીમાં લોટના ભાવમાં ૨૦%, ગોળનાં ભાવમાં ૧૧.૫% અને ખાંડના ભાવમાં ૫%નો વધારો થયો છે. આવશ્યક સ્થાનિક ક્ષેત્રમાં અનિયંત્રિત ફુગાવો મોદી સરકારની અર્થવ્યવસ્થાને સંચાલિત કરવામાં અસમર્થતા દર્શાવે છે.

વધુમાં જણાવેલ છે કે, મુડીવાદીઓની તરફેણ કરતી મોદી સરકારની નીતિઓને કેટલીક પસંદગીની કંપનીઓને આર્થિક લાભો કેન્દ્રિત કર્યા છે. આ કારણે MSME માટે સ્પર્ધા કરવી લગભગ અશકય બની ગયું છે. માર્સેલસના એક અહેવાલમાં જણાવ્યું છે કે ૨૦૨૨ નાં તમામ નફાના ૮૦% માત્ર ૨૦ કંપનીઓને ગયા હતા. તેનાથી વિપરીત નાના વેપારનો બજાર હિસ્સો ભારતનાં ઈતિહાસમાં સૌથી નીચા સ્તરે હતો. ૨૦૧૪ પહેલાના કુલ વેચાણમાં નાના વ્યવસાયના વેચાણનો હિસ્સો લગભગ ૭% હતો પરંતુ ૨૦૨૩નાં પ્રથમ ત્રિમાસિક ગાળામાં તે ઘટીને ૪% કરતા પણ ઓછો થઈ ગયો. કન્સોર્ટિયમ ઓફ ઈન્ડિયન એસોસીએશન ધ્વારા ૧૦૦,૦૦૦ નાના વેપારી માલિકોના ૨૦૨૩ના સર્વેક્ષણ મુજબ ૭૫% નાના ઉદ્યોગો નાણા ગુમાવી રહ્યા છે. ખાનગી ક્ષેત્રને ધિરાણ એ વૃધ્ધિનું એન્જિન છે, એક દાયકા સુધી દેવું સ્થિર થવું એ અર્થતંત્રના ગેરવહીવટનું લક્ષણ છે. ૨૦૦૪થી ૨૦૧૪ સુધી, ખાનગી ક્ષેત્રને સ્થાનિક દેવું સતત અને ઝડપથી વધ્યું હતું, ગયા સપ્તાહના આરબીઆઈ બુલેટિનમાં દર્શાવવામાં આવેલ વિશ્વ બેન્કનાં ડેટા અનુસાર ૨૦૦૪, ૨૦૧૪ માં ભારતમાં જીડીપીના ૩૬.૨ ટકાથી દેવું વધીને જીડીપીના ૫૧.૯ ટકા થયું છે. પરંતુ ૨૦૧૪થી ધિરાણ વૃધ્ધિ અટકી ગઈ છે. ૨૦૨૧માં ઘરેલું દેવુ માત્ર ૫૦.૪% હતું – ૨૦૧૪ કરતા ઓછું.

વધુમાં જણાવેલ છે કે, સરકાર માટે ગંભીર ચિંતાનો વિષય હોવો જોઈએ કે ઘરની નાણાકીય જવાબદારીઓ ઝડપથી વધી રહી છે. નાણા મંત્રાલય ઈચ્છે છે કે અમે માની લઈએ કે આ બધા લોકો ઘર અને કાર ખરીદી રહ્યા છે પરંતુ આરબીઆઈ ટેડા દર્શાવે છે કે ગયા વર્ષ દરમિયાન ગોલ્ડ લોનમાં ૨૩% અને પર્સનલ લોનમાં ૨૯%નો વધારો થયો છે. આ આંકડા સંકટના સ્પષ્ટ સંકેતો છે. આ બતાવે છે કે લોકો મુળભુત જરૂરિયાતો પુરી કરવા માટે દેવામાં જવા મજબુર છે. વધુમાં આરબીઆઈ ડેટા દર્શાવે છે કે ઘરગથ્થુ બચત વૃધ્ધિ નાણાકીય વર્ષ ૨૦૧૨ માં જીડીપીના ૭.૨% થી ઘટીને નાણાકીય વર્ષ ૨૦૨૩માં માત્ર ૫.૧% થઈ ગઈ છે. આ બચત વૃધ્ધિ દર ૪૭ વર્ષમાં સૌથી નીચા સ્તરે છે. આ મોદી સરકાર હેઠળ ભારતીય અર્થતંત્રમાં એકંદરે મંદી દર્શાવે છે.

વધુમાં જણાવેલ છે કે, એક દાયકામાં પ્રથમ વખત ભારતમાં એફડીઆઈનાં પ્રવાહમાં ઘટાડો થયો છે. આરબીઆઈના બુલેટિનમાં જાણવા મળ્યું છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૩માં એફડીઆઈમાં ૧૬% ઘટાડો થયો છે. તદુઉપરાંત જીડીપીની ટકાવારી તરીકે એફડીઆઈ ૨૦૦૪માં ૦.૮% થી ૨૦૧૪માં ૧.૭% સુધી બમણા થયા પછી સ્થિર રહી હતી. ૨૦૨૨ માં આ પ્રવાહ જીડીપીના માત્ર ૧.૫% હતો. વિદેશી રોકાણકારો ભારતમાં તેમના નાણાનું રોકાણ કરવા માટે ઉત્સાહિત નથી. આના મુખ્ય કારણોમાં મોદી સરકારની કોની મુડીવાદ, નિષ્ફળ આર્થિક નીતિઓ અને સાંપ્રદાયિક તણાવને ઉશ્કેરવામાં આવે છે.

વધતી બેરોજગારી,

---

### બાબરા નજીક આવેલ

## થોરખાણ ગામે વાડીએ નિંદવાનું કામ કરતાં મહિલા બેભાન થઈ જતાં મોત

**પતિ તથા સસરા સાથે વાડીએ કામ કરતાં હતા**

અમરેલી, તા. ૨૭, બાબરા તાલુકાનાં થોરખાણ ગામે રહેતા શિલ્પાબેન જગદીશભાઈ સોલંકી નામના ૩૬ વર્ષિય મહિલા ગત તા. ૨૫ નાં રોજ બપોરનાં સમયે વાડીએ પોતાના પતિ તથા સસરા સાથે નિંદવાનું કામ કરતા હતા. ત્યારે તેણી અચાનક જ પડી જવાથી બેભાન થઈ ગયેલ અને કંઈ બોલી શકતા ન હોય તેણીને સારવાર માટે અત્રેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ જયાં તેણીનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું.

---

### વેપારમાં સરળીકરણનો અભાવ

## બગસરાના વેપારીઓએ નવા વેરાના વિરોધમાં આવેદનપત્ર પાઠવ્યું

**પ્રાંત અધિકારી મારફત સરકાર સમક્ષ માંગ**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૭

નવા વેરાને સુધારા સન ૨૦૨૧ ગુજરાત વિધેયક ક્રમાંક ૧૭ તરીકે ઓળખવામાં સરકાર નિર્ણય લીધો આ નિર્ણયને વેપારી અલમમાં ઘણો જ રોસ છે કારણ કે ઘણા વેપારીઓને નાની રકમ ભરવાની થતી હતી તેના બદલે હવે તગડી રકમ એટલે કે રૂા.૫૦૦ ની જગ્યાએ સીધા રૂપિયા ૨૫૦૦ જેવી રકમ કરી દેવામાં આવેલી હોય આ સુધારણા બિલની અંદર સરકારે ઘણા જ વેપારીઓને માફી પાત્ર પણ આપેલું છે પણ સરકારના અધિકારીઓ આ માફી પત્રની જગ્યાએ પોતાનો પાવરનો દૂર ઉપયોગ કરી અને વેપારીઓ પાસેથી બળજબરી કરીને વસૂલવામાં આવી રહ્યો હોય તો આ વેરામાંથી વેપારીઓને મુક્તિ આપવી જોઈએ તમામ નાના મોટા વેપારીઓ અનેક પ્રકારના ટેકસરૂપી સરકારને ચૂકવતા હોય છે તો આવા વેરામાંથી વેપારીઓને મુક્તિ આપવી જોઈએ એવી માગણીને લઈને ચેમ્બર ઓફ કોમર્સના પ્રકાશભાઈ રાણીગા તથા કિરાણા એસોસિયેશનના દિનેશભાઈ હડીયલ દ્વારા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવેલુ છે બગસરા પ્રાંત અધિકારી હાજર ન હોવાથી તેના પ્રતિનિધિ દ્વારા આવેદન સ્વીકારવામાં આવ્યું હતું આતકે વિનુભાઈ ભરખડા ઈશાભાઈ ભારમલ ચિરાગ પરમાર ભગીરથભાઈ વાળા સહિતના ઉપસ્થિત રહી આવેદન પત્રમાં જોડાયા હતા.

---

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનું નિવેદન

## અમરેલી જિલ્લાનાં ભાજપનાં આગેવાન ગુજરાત મોડેલની પોલ ખોલી રહ્યાં છે

**લીલીયા પંથકમાં દારૂનાં વેંચાણ સામે ભાજપ અગ્રણીની રજૂઆત**

અમરેલી, તા. ૨૭

તાજેતરમાં જ ભાજપ શાસિત અમરેલી જિલ્લા પંચાયતનાં શિક્ષણ સમિતિનાં ચેરમેન વિપુલ દુધાતે સમગ્ર લીલીયા તાલુકામાં દારૂ બંધ કરાવા માટે રજૂઆત કરવામાં આવી હતી. જે સાબિત કરે છે કે ભાજપ સરકારનું ગુજરાત મોડેલ નિષ્ફળ ગયું છે માત્રને માત્ર ગુજરાત મોડેલનાં ચશ્મા પહેરાવીને ગુજરાતની જનતાને મૂર્ખ બનાવવાનું કામ છેલ્લા ૨૮ વર્ષથી ગુજરાતની ભાજપ સરકાર કરી રહી છે, ગુજરાતમાં દારૂબંધી હોવાનું નાટક આ ભાજપનાં શાસકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. દારૂબંધીની આડમાં ભાજપનાં નેતાઓ મલાઈ તારવવાનું કામ કરી રહ્યાં છે, ભાજપનાં નેતાઓની સાથે પોલીસ તંત્ર પણ આ દારૂબંધીનાં નાટકમાં સામેલ છે અને ભાજપનાં નેતાઓનાં ગામડાથી ગાંધીનગર સુધી હપ્તાઓ પહોંચી જાય છે અને પોલીસ તંત્રમાં પણ કોન્સ્ટેબલથી માંડીને જમાદાર, પી.એસ.આઈ., પી.આઈ., ડી.વાય.એસ.પી., એસ.પી., અને આઈ.જી. સુધી દારૂનાં હપ્તા પહોંચી રહ્યાં છે. જેથી કરીને ગુજરાતમાં બેફામ રીતે ગામડે–ગામડે, શેરીએ–શેરીએ દારૂ ખુલ્લેઆમ વહેંચાઈ રહ્યો છે અને દારૂ વેંચતા બુટલેગરો બેફામ બન્યા છે અને દારૂને લીધે ગુજરાતનાં કેટલાય પરિવારોને બરબાદ કરવાનું પાપ ગુજરાતની આ ભાજપ સરકાર કરી રહી હોવાનું તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીએ જણાવેલ છે.

---

### રાજુલા નજીક આવેલ વીકટર ગામની ઘટના

## તરૂણીએ થયેલ સગાઈ ગમતી ન હોવાથી ગળાફાંસો ખાઈ લીધો

**પિતા પુત્રીનું જીવન બનાવવા ગયા અને પરિણામ પલટાયું**

અમરેલી, તા. ૨૭

રાજુલા તાલુકાનાં વિકટર ગામે રહેતા અને માચ્છીમારીનો ધંધો કરતા ડાયાભાઈ ભાણાભાઈ ગુજરીયા નામનાં ૫૫ વર્ષિય આધેડની ૧૭ વર્ષિય તરૂણી જયોતીબેનની સગાઈ તેણીનાં ફૈબાનાં દીકરા સાથે કરેલ હોય. તે ગમતું ન હોય જેથી તેણી અવાર–નવાર સગાઈ બાબતે તેણીનાં પિતાને કહેલ પરંતુ તેણીનાં પિતાએ કહેલ કે તારે સગાઈ તો ત્યાં જ રાખવી પડશે તેમ કહી ઠપકો આપેલ હતો. જેથી તેણીને લાગી આવતા ગત તા. ૨૬નાં રોજ સવારે પોતાની મેળે ઘરનાં ઓરડામાં પાઈપ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઈ લેતા તરૂણીનું મોત નિપજયં હતું.

---

### ગુમ થનાર વ્યકિતને શોધવા આકાશ–પાતાળ એક કર્યા

## ભૈ વાહ : પિપાવાવ મરીન પોલીસે માનવતાનું ઉમદા ઉદાહરણ પુરૂ પાડયું

**નિરાધારનો આધાર અને અર્ધીરાતનો હોંકારો એટલે પોલીસ તંત્ર**



અમરેલી, તા. ૨૭

ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમારે ગુમ થનાર વ્યકિતઓને શોધી કાઢવા સારૂ જરૂરી સુચના આપેલ હોય. જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ગુમ/અપહરણ થયેલ બાળકો/મહિલાઓ/પુરૂષોને શોધી કાઢવા સઘન ઝુંબેશ હાથ ધરી વધુને વધુ ગુમ થનાર વ્યકિતઓને શોધી કાઢવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરા દ્વારા જરૂરી માર્ગદર્શન આપેલ.

ગત તા. ૨૬ના રોજ મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના પોલીસ સબ.ઈન્સ. એ.આર. કોવાળા તથા પોલીસ સ્ટાફના માણસો પોલીસ વાનમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન ફરતા–ફરતા વહેલી સવારે ૪ વાગ્યે વિકટરથી ભેરાઈ હાઈવે રોડ ઉપર જઈ રહ્યા હતા તે દરમ્યાન રસ્તામાં એક પુરૂષ ઈસમ ખંભામાં બેગ લટકાવી અને પગપાળા જઈ રહ્યા હતા. જેને જોઈને પોલીસ વાન ઉભી રાખી મજકુર ઈસમની પુછપરછ કરી રાત્રી દરમ્યાન પગપાળા ચાલીને જવાનુ કારણ પુછતા મજકુરે જણાવેલ કે પોતાનુ નામ રાજયાભાઈ ગોપાળભાઈ વળવી ઉ.વ. ૪૭ રહે. મલાવ, (તા. ઉંમરગમ, જી. વલસાડ) વાળા છે અને જુનાગઢ જીલ્લાના માંગરોળ ખાતે માચ્છીમારીના ધંધા માટે આવેલ હતા અને પોતે જે બોટમાં માચ્છીમારી કરવા બંધાયેલ તે બોટ માચ્છીમારી કરવા માટે જતી રહેલ હોવાથી પોતે માચ્છીમારી કરવા જઈ શકેલ નહીં અને પોતાની પાસે મોબાઈલ ફોન કે સગા–વ્હાલાના કોન્ટેકટ નંબર કે ભાડાના પૈસા ન હોવાથી છેલ્લા ૪૦ દિવસથી પગપાળા ચાલીને પોતાના વતન ગામ મલાવ (તા. ઉંમરગમ, જી. વલસાડ) જવા માટે નિકળેલ છે અને પોતે રસ્તો ભુલી જવાના કારણે તથા પોતાની પાસે ભાડાના પૈસા ન હોવાથી ભુખ્યા–તરસ્યા રહી રસ્તામાં કોઈ વ્યકિત જમવાનું આપે તો જમીને આગળ–આગળ પગપાળા ચાલવાનું ચાલુ રાખેલ હતું.

પુછપરછ દરમિયાન તે ઈસમે ખુબ જ ભુખ લાગેલ હોવાનું જણાવતા મજકુરને પોલીસની વાનમાં બેસાડી મરીન પીપાવાવ પોલીસ સ્ટેશને લાવી સૌ પ્રથમ જમવાની તથા રહેવાની વ્યવસ્થા કરી આપેલ અને તેના વતન તથા પરિવારના અન્ય સભ્યો અંગે તપાસ કરતા મજકુર ઈસમનું ગામ જે પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આવે છે તે ઉંમરગામ પોલીસ સ્ટેશન (વલસાડ) ખાતે ટેલીફોનીક સંપર્ક કરતા મલાવ ગામના સરપંચ ઉમેશભાઈ સોન્યાભાઈ ધોડી નામના ઈસમનો મોબાઈલ નંબર મળેલ. જે નંબર પર વાત કરતા જાણવા મળેલ છે મજકુર ઈસમ માંગરોળ ખાતે માચ્છીમારીનો ધંધો કરવા માટે ગયેલ અને ત્યાંથી ગત તા. ૧૩/૮ ના રોજ ગુમ થઈ ગયેલ છે અને તેની પત્નિ તથા બાળકો મજકુર ઈસમને ઘણા સમયથી શોધે છે પણ મળી આવેલ ન હોય. જેથી માંગરોળ મરીન પોલીસ સ્ટેશન જી. જુનાગઢ ખાતે ગુમ/જાણવાજોગ પણ લખાવેલ છે. જે અંગે વેરીફાઈ કરતા માંગરોળ મરીન પોલીસ સ્ટેશન (જુનાગઢ) ખાતે ગુમ જાણવાજોગ દાખલ થયેલ હોવાનુ જણાઈ આવેલ. જેથી મજકુરના પરિવારના સભ્યો તથા ગામના સરપંચને મરીન પીપાવાવ પોલીસ સ્ટેશન ખાતે બોલાવી અને પોલીસને મળી આવેલ રાજયાભાઈ ગોપાળભાઈ વળવી (ઉ.વ. ૪૭) રહે. મલાવ, (તા. ઉંમરગમ, જી. વલસાડ) વાળાનુ ૪૫ દિવસ બાદ પોતાના પરિવારના સભ્યો સાથે સુખદ મીલન કરાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડી હૃદય સ્પર્શી કામગીરી કરવામાં આવેલ છે. અને આ અંગે આગળની કાર્યવાહી માટે માંગરોળ મરીન પોલીસ સ્ટેશન (જુનાગઢ) ખાતે જાણ કરવામાં આવેલ છે.

---

### આગામી અઢી વર્ષ માટે જવાબદારી નિભાવશે

## બાબરા પાલિકાનાં નવનિયુક્ત પ્રમુખ અને ઉપપ્રમુખે વિધિવત ચાર્જ સંભાળ્યો

**શહેરીજનોને પ્રાથમિક સુવિધા સરળતાથી આપવાની ખાત્રી**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરામાં નગરપાલિકાના પ્રમુખ લલિતભાઈ આંબલિયા તેમજ ઉપ પ્રમુખ વસંતભાઈ તેરૈયાની અઢી વર્ષની મુદત પૂર્ણ થતાં નવા પ્રમુખ ઉપપ્રમુખની વરણી પક્ષ દ્વારા કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે જાણીતા વેપારી પ્રવિણભાઈ કરકર અને ઉપપ્રમુખ તરીકે અંકુરભાઈ જસાણીની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

પાલિકા પ્રમુખ લાલિતભાઈ આંબલિયાનો વહીવટી તરીકેનો ચાર્જ તા. ૨૭/૯ના રોજ પૂર્ણ થતાં નવનિયુકત પ્રમુખ પ્રવિણભાઈ કરકર તેમજ ઉપપ્રમુખ તરીકેનો ચાર્જ અંકુરભાઈ જસાણીએ વિધીવત રીતે સ્થાનિક અગ્રણીઓની ઉપસ્થિતિમાં સંભાળી કામગીરી હાથ ધરી હતી.

શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, રસિકભાઈ ગોજારીયા, બીપીનભાઈ રાદડિયા, અલ્તાફભાઈ નથવાણી, બાવકુભાઈ બસિયા, ધર્મેશભાઈ વાવડીયા, નરેશભાઈ મારૂ, ખોડલભાઈ મકવાણા સહિત નગરપાલિકાના સભ્યો તેમજ અન્ય શહેર ભાજપના અગ્રણીઓની હાજરીમાં નવનિયુકત પ્રમુખ, ઉપપ્રમુખ તેમજ કારોબારી સમિતિના ચેરમેન દ્વારા ચાર્જ સંભાળી લીધો હતો.

નવનિયુકત પદાધિકારીઓ દ્વારા જણાવ્યું હતું કે શહેરના વિકાસના કાર્યોને ગતિ આપવામાં આવશે તેમજ સફાઈ, પાણી અને લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓને અગ્રતા આપવામાં આવશે.

પૂર્વ પ્રમુખ અને શહેર ભાજપના અગ્રણી લલિતભાઈ આંબલિયા અને કારોબારી સમિતિના ચેરમેન ભુપતભાઈ બસિયા તેમજ બીપીનભાઈ રાદડિયા દ્વારા જણાવ્યું હતું કે પક્ષ દ્વારા નગરપાલિકાની જવાબદારી યુવા હાથને સોંપવામાં આવી છે અને શહેરના વિકાસના કાર્યોમાં ખભે ખભે મિલાવી માર્ગદર્શનની ભૂમિકા રહી શહેરનો હજુ આગળ વધુ વિકાસ થાય તે દિશામાં કામગીરી કરવામાં આવશે.

---

## અમરેલી : અર્જુનનગર સોસાયટીમાં ગણેશોત્સવની આસ્થાભેર ઉજવણી



અમરેલી, તા. ૨૭

અમરેલી શહેરમાં ગણપતિ મહોત્સવ ચાલી રહ્યો છે. ઠેર ઠેર બાવન ગણપતિની સ્થાપના કરી પૂજા અર્ચના ભકતો દ્વારા કરી રહ્યા છે. ત્યારે અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર આવેલ પટેલ સંકુલ પાછળ અર્જુન નગર સોસાયટીમાં ગણપતિ મહોત્સવ દરમિયાન પૂજા અર્ચના સાથે રોજ રાત્રે અલગ અલગ ધાર્મિક કાર્યક્રમ અને મહિલા મંડળ દ્વારા સત્સંગ પણ કરવામાં આવી રહ્યો છે.આજરોજ ભગવાન ગણપતિને અન્નકોટનો પ્રસાદ ધરવામાં આવ્યો હતો. બધા લોકો પોત પોતાનાં ઘરેથી પ્રસાદ લઈને આવી ગણપતિ અન્નકોટ ધરવામાં આવ્યો હતો.

અને સાંજે ૭ કલાકે ગણપતિજીની મહાસમૂહ આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. સોસાયટીનાં બધા લોકો સાથે મળીને ગણપતિની આરતી કરી અને બધા લોકો સાથે મળી આગલા વર્ષે ગણપતિ જલ્દી આવોનો નાદ લગાવ્યો હતો.

## એક એવું વ્યકિતત્વ જેનો જન્મદિવસ ઉજવવા સૌ કોઈ થનગને છે

# અમરેલીમાં આવતીકાલે પી.પી. સોજીત્રાનાં જન્મદિવસની ઉજવણી

**દેશનાં સર્વોચ્ચ લોકપ્રિય નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર મંચ પરથી કહેલ કે પી.પી. એટલે પી.પી. કહેવું પડે**

**અમરેલી શહેર અને જિલ્લાનાં વિકાસનાં સ્વપ્ન દ્રષ્ટા પી.પી. સોજીત્રાનો આવતીકાલે જન્મ દિવસ**

**આવતીકાલે સાંજે હનુમાનપરા પટેલવાડી ખાતે ભવ્ય અભિવાદન સમારોહનું આયોજન**

**શહેરનાં તમામ ક્ષેત્રનાં આગેવાનો તેમજ આબાલ-વૃધ્ધ સૌ કોઈ અભિવાદન સમારોહમાં ઉત્સાહભેર જોડાશે**



અમરેલી, તા. ૨૭

અનેકવિધ સંસ્થાઓના માધ્યમથી જેમનો આધુનિક અમરેલીના નિર્માણમાં સિંહફાળો છે તેવા સર્વ-મિત્ર અને સર્વ-સખા સમાન, ''પી.પી.''ના હુલામણા નામથી જાણીતા, અમરેલી માર્કેટયાર્ડ અને અમરેલી નાગરિક બેંકના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાના ૬૨માં જન્મદિવસની અમરેલીના લોકો દ્વારા સ્વયંભુ ભવ્ય ઉજવણી થનાર છે. તા. ૨૯ સપ્ટેમ્બરના શુક્રવારે સાંજે ૫:૩૦ કલાકે હનુમાનપરામાં આવેલ કડવા પટેલ સમાજની વાડીમાં પી.પી. સોજીત્રાની તેમના સન્માનમાં યોજાયેલ વિવિધ બ્લડ ડોનેશન કેમ્પમાં એકત્ર કરાયેલ ૨૭૫ થી પણ વધુ બોટલોથી રકતતુલા થનાર છે. આ પ્રસંગે અમરેલીની અનેકવિધ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ, ટ્રસ્ટો, સેવાકીય કામો કરતી સંસ્થાઓ અને ટ્રસ્ટો દ્વારા સન્માન કરાનાર છે.

પી.પી. સોજીત્રાએ તેમની જાહેર જીવનની કારકિર્દી દરમ્યાન અમરેલીના લોકોની સુખાકારીમાં વૃધ્ધિ કરે તેવા અનેક જાહેર કામો કર્યા છે. અમરેલીના વેપારીઓ અને ખેડુતોને જેની સમગ્ર દેશમાં ગણના થાય તેવા અતિઆધુનિક સુવિધાસભર માર્કેટયાર્ડની ભેટ આપી છે. અમરેલી નાગરિક બેંક આજે, અનેકવિધ મલ્ટીનેશનલ અને કોર્પોરેટ બેંકો વચ્ચે પણ મોખરાનું સ્થાન ધરાવે છે, તેની પાછળ પી.પી. સોજીત્રાની દ્રષ્ટિ અને મેનેજમેન્ટની કુશળતા પડેલ છે. ભુતકાળમાં બેંક નબળી પડી છે તેવા વિરોધીઓ અને હિતશત્રુઓ દ્વારા ફેલાવાયેલ અફવાઓ વચ્ચે પણ તેમણે બેન્કને ટકાવી રાખી છે એટલું જ નહિં પણ ઉતરોત્તર પ્રગતિ કરી રહી છે. તા. ૨૯મીના દિવસે જ કુંકાવાવમાં તેની એક નવી બ્રાન્ચનું ઉદઘાટન થનાર છે.

એજ રીતે આરોગ્યના ક્ષેત્રમાં નવજીવન હોસ્પીટલ ગરીબ અને મધ્યમવર્ગાના દર્દીઓને રાહત ભાવે આરોગ્યની ઉત્તમ સેવાઓ આપી રહી છે. અમરેલી શહેરમાં નાગરિકો માટે નમુનારૂમ સિનીયર સીટીઝન પાર્ક, અદ્યતન નવું નાનું બસ સ્ટેન્ડ, શહેરમાં અનેકવિધ સ્થાપત્યો અને સુશોભના આ બધાની પાછળ પી.પી.નો સિંહફાળો રહેલો છે.

નાગરિક બેંક અને માર્કેટીંગ યાર્ડના સંચાલનમાં તેમણે પ્રામાણિક અને પારદર્શક વહીવટના ઉચ્ચ ધોરણો પ્રસ્થાપિત કર્યા છે. શહેરમાં ચાલતી કોઈપણ સામાજીક, શૈક્ષણિક કે ધાર્મિક પ્રવૃત્તિમાં પી.પી. હંમેશા ઉદાર હાથે આર્થિક અનુદાન આપતા આવ્યા છે. વર્ષોથી જાહેર જીવનમાં છે પણ રાજકીય કાવાદાવાઓથી ઉપર ઉઠી કામ કરી શકે છે. દિલાવર એવા કે તેમની પાસે મદદ માંગવા આવેલ વ્યકિત કયારેય નિરાશ થઈ પાછી ફરે નહિં. કામ થઈ શકે તેમ હોય તો ''હા'' અને ના થઈ શકે તેમ હોય તો ''ના'' પાડવાની નીડરતા ધરાવતાં પી.પી. લીધેલું કામ પુરૂં થાય નહીં ત્યાં સુધી જંપે નહી. તેમના કામોમાં હંમેશા શ્રેષ્ઠતા અને ઉચ્ચત્તમ ધોરણોનો તેમનો આગ્રહ હોય છે.

કોરોનાના બંને વેવ દરમ્યાન તેમણે તેમના પરમ મિત્ર ડો. ભરત કાનાબાર સાથે મળી, અભુતપૂર્વ સેવા કાર્યો કર્યા. ૭૦૦૦ થી પણ વધુ રાશન કીટો જરૂરિયાતમંદ પરિવારોમાં પહોંચાડી અને બીજા વેવમાં દર્દી અને તેમના સગાંઓ માટે દોઢ મહિના સુધી ટીફીન સેવા ચલાવી છે.

સરળ સ્વભાવ, ખોટો દંભ નહી અને માર્કેટ યાર્ડ અને નાગરિક બેન્ક જેવી સંસ્થાઓના સંચાલનમાં અગ્રભુમિકા હોવા છતાં, કાયમ સ્કુટર પર ફરતા રહેતાં પી.પી.ને ઘણાં મિત્રો ''માસ્ટર કી'' કહે છે. અનેક અઘરાં કામો તેમનાથી ઉકલી જતા હોય છે. અનેક જમીનના વિવાદોમાં લોકો સમાધાન માટે તેમની મધ્યસ્થીનો આગ્રહ રાખે છે. જાહેર જીવન અને રાજકીય વ્યકિતઓ સાથે આર્થિક વ્યવહારો કરતાં ભલભલા લોકો ગભરાય પણ તેમના આર્થિક વ્યવહારો એટલા મજબૂત કે પી.પી.ની જબાન પર કોરોડોની મીલ્કત-જમીનોના સોદા જ નહિં પણ દસ્તાવેજો પણ થઈ જાય.

આવા બહુમુખી પ્રતિભા સંપન્ન વ્યકિતત્વને રાજકીય રીતે મોટી લીફટ મળી નથી તેનો અમરેલીના પ્રજાજનોને પણ વસવસો છે. અમરેલીની પ્રજા એ દિવસની આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે જયારે તેમને કોઈ મહત્વનું રાજકીય પદ મળે.

પી.પી.ના જન્મદિનની આ ભવ્ય ઉજવણીને સફળ બનાવવા, અમરેલી જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ અને રેડક્રોસ બ્લડ બેન્કના ચેરમેન ડો. ભરત કાનાબાર, અમરેલી માર્કેટીંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, નાગરિક બેંકના ચેરમેન જયેશભાઈ નાકરાણી, એ.ડી. રૂપારેલ, જીતુભાઈ ગોળવાળા, એડવોકેટ મુજફર હુસેન સૈયદ, ચેતનભાઈ રાવળ, જે.એલ. સોજીત્રા, બકુલભાઈ પંડયા, ભાવિનભાઈ સોજીત્રા, કમલેશભાઈ ગરાણીયા, દિનેશભાઈ ભુવા, હિંમતભાઈ સરખેદી, મધુભાઈ આજુગીયા, બીપીનભાઈ ગાંધી, તુલસીભાઈ મકવાણા, વિપુલભાઈ ભટ્ટી, વિઠ્ઠલભાઈ બાંભરોલીયા, યોગેશભાઈ ગણાત્રા, ટોમભાઈ અગ્રાવત, તરંગ પવાર, હાર્દિકભાઈ સેંજલીયા, પરેશભાઈ આચાર્ય, સંદીપભાઈ માંગરોળીયા, ડી.જી. મહેતા (પેઈન્ટર), રફીકભાઈ ફુલવાળા, બોબીભાઈ, નરેશભાઈ કોરડીયા, ડો. રાજુભાઈ કથીરીયા, ડો. પીયુષભાઈ ગોસાઈ, ડો. હર્ષદભાઈ રાઠોડ, જોગી પેઈન્ટર, ઘનશ્યામભાઈ રૈયાણી, ડો. નીખીલેશ જાની, ડો. પાડા, દિપકભાઈ ધ્રુવ, ભરતભાઈ સોરઠીયા, ભરતભાઈ કાનાણી, મિશ્રા (માસ્તર), અરવિંદભાઈ સીતાપરા, નીલેશ જોષી (લાલો), નીલેશ જોષી (બેદી), યોગેશભાઈ કોટેચા, ચિરાગભાઈ ચાવડા, દીપકભાઈ વઘાસીયા, ધાર્મિક રામાણી, પ્રકાશભાઈ ભડકણ, જગદિશભાઈ સેલાણી, જનકભાઈ વીંછીયા, ભુપતભાઈ દેસાઈ, કે.પી. ભડકોલીયા, વિમલ સાવલિયા, મનીષભાઈ ડોબરીયા, પોપટલાલ કાશ્મીરા, રાજુભાઈ શીંગાળા, રાજુભાઈ કામદાર, તેલીભાઈ, તુષારભાઈ જોષી, વિપુલ રાદડીયા, અમીત કાકડીયા, અનિલ ઠાકર, ભુપતભાઈ સાવલીયા, ડેની રામાણી, ધવલ કાતરીયા, ધ્યેય પંડયા, દીલાભાઈ ભાલાળા, હસમુખ પટેલ, હીરેન મહેતા, હીરેન સોજીત્રા, જયેશ ટાંક, જીગ્નેશ કાબરીયા, જીતભાઈ દેસાઈ, મુકુંદભાઈ મહેતા, મહેન્દ્રભાઈ બગડા, નિલેશ ધાધલ, પી.સી. દુધાત, પિયાભાઈ માંડાણી, રાહુલ ભુવા, રીતેશ સોની, રોહીત જીવાણી, સાજીદ ઘોઘારી, શાંતિલાલ સાવલીયા, શરદ ધાનાણી, સિકંદર પઠાણ, તેજસ દેસાઈ, ઉમેદસિંહ ખાચર, વિજય પટેલ, વિમલ કથીરીયા, વિપુલ તળાવીયા, હિતેષ પોપટ, રોહીત સુખડીયા, અશ્વિન કામદાર સહિત અનેક વેપારીઓ, ડોકટરો, વકીલો, વિવિધ ક્ષેત્રના આગેવાનો, સહકારી સંસ્થાના પ્રતિનિધિઓ જહેમત ઉઠાવી રહયા છે.


તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
▪ડોલ (૨૫ લી.) ▪પાટલો ▪ ટમ્બલર ▪સોપ હોલ્ડર ▪ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/-માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬

મકાન વેચવાનું છે
જેમાં ત્રણ બેડરૂમ, હોલ, કિચન, મોટી બાલ્કની, પાણી માટે દાર તેમજ જરૂરી ફર્નિચર સાથેનું તમામ સગવડતાવાળુ કોર્નરનું મકાન વેચવાનું છે.
હનુમાનપરા રોડ, રણુજાધામ સોસાયટી-૧, અમરેલી.
સંપર્ક : ૯૭૧૪૧ ૧૧૧૫૩

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ ૪૦,પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

HONDA સપના કરશે સાકાર... Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
અન્ય જગ્યાએથી લીધેલા કે જુના કાનના મશીન ઉપર ખાસ Exchange ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

▪ કાર ▪ બાઈક ▪ ટ્રેકટર ▪ ટ્રક ▪ બસ
ટાયર-ટ્યુબ, ઓઈલ-ગ્રીસ, વ્હીલ-પ્લેટ-ધરા, જેક-ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેઈલ
સંજય ટાયર્સ બસ સ્ટેશન રોડ, અમરેલી.
સંજય ટ્રેડ લીંક ટોયોટા શો-રૂમ પાસે, લાઠી બાયપાસ રોડ, અમરેલી.

ગણેશ મહોત્સવ નિમિત્તે...
ડ્રાયફ્રુટથી ભરપુર શુધ્ધ ઘી માં બનેલ ચુરમાના સ્પે.લાડુ
મગજના લાડુ
મગીયા લાડુ
શહેરનું એકમાત્ર સ્થળ...
શિવ ફરસાણ માર્ટ ભીડભંજન ચોક અમરેલી
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

''શ્રી વલ્લભ'' MARUTI SUZUKI ARENA Navnit
મારૂતિ સુઝુકી શોરૂમ હવે નવા રૂપરંગ તેમજ નવા જ મેનેજમેન્ટ સાથે...
EECO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો-રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999






### ખેતમજુર પરિવાર પર આફત ટળી

# અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલમાં ૯૬૦ ગ્રામનાં નવજાત શિશુને જીવતદાન મળ્યું

### ડો. મિરલ શિંગાળા અને ડો.જયદીપ પટેલની જહેમત રંગ લાવી



અમરેલી, તા.૨૭

સારવાર આરોગ્ય કેન્દ્ર ખાતે આયુષ્યમાન ભવ: કાર્યક્રમ હેઠળ શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ અમરેલી બ્લડ બેંકનાં સહયોગથી સા.આ.કેન્દ્ર, ચિતલ ખાતે સવારે ૧૦ કલાક થી ૧ કલાક સુધી બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન ડો.રાજીવકુમાર સિન્હા, તાલુકા હેલ્થ ઓફિસર,અમરેલીના નેજા હેઠળ તેમજ તેમની રૂબરૂ હાજરીમાં ડો.ધર્મેશ પી.ગાંધી, અધિક્ષક સા.આ.કેન્દ્ર, ચિતલ દ્વારા આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ડો.એસ.એમ.રામાાવાત, ડો.હેતલબેન કુબાવત, તેમજ પી.એચ.સી. તથા સી.એચ.સી. સ્ટાફ હાજર રહેલ અને સુરેશભાઈ કે.પાથર, ઉપપ્રમુખ જિલ્લા પંચાયત અમરેલી જયસુખભાઈ દેસાઈ અગ્રણી ઉદ્યોગપતિ, જીતુભાઈ જોષી તાલુકા હેલ્થ સુપરવાઈઝર, મનોજભાઈ જોષી, ચિતલ ગામ પંચાયત કચેરી, રઘુવીરસિંહ સરવૈયા, ઉપસરપંચ ચિતલ ગામ પંચાયત કચેરી, હર્ષદભાઈ ત્રિવેદી, સભ્ય આર.કે.એસ.ચિતલ તેમજ ચિતલ ગામ પંચાયત કચેરી, સભ્યઓ વિગેરે દ્વારા કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગ્ટય કરી કરવામાં આવેલ.

ઉપરોકત બ્લડ ડોનેશન કેમ્પમાં ચિતલ ગ્રામજનો દ્વારા કુલ–૨૭ (સત્યાવીશ) બ્લડ યુનીટ ડોનેટ કરવામાં આવેલ અને બ્લડ ડોનેટ કરનારને એચ.ડી. એફ.સી.બેંક –અમરેલી તરફથી ગીફટા આપવામાં આવેલ તેમજ શાંતાબા મેડીકલ કોલેજ એન્ડ જનરલ હોસ્પિટલ,અમરેલી બ્લડ બેંક દ્વારા ગીફટ સહ સન્માનપત્ર આપવામાં આવેલ છે. આ કાર્યક્રમનું સંપુર્ણ સંચાલન લિખિત એમ.જોગી, એકાઉન્ટન્ટ આસીસટન્ટ સા.આ. કેન્દ્ર, ચિતલ દ્વારા કરવામાં આવેલ હતું.

### ભાજપનાં કોઈ આગેવાને બદલી નથી કરાવી

# જાંબાળનાં મંત્રીની બદલી નિયમોને આધીન કરવામાં આવી છે : નિર્મળભાઈ ખુમાણ

### ૫૦ વર્ષથી કાઠી દરબાર જ સરપંચ હોય અન્યાયનો પ્રશ્ન નથી



સાવરકુંડલા, તા.૨૭

તાજેતરમાં જાબાળ ગ્રામ પંચાયતના મંત્રી લાધવાની નિયમ મુજબ રૂટિન બદલી થતા જાબાળના સરપચ જયદીપ ખુમાણ દ્વારા તેમાં રાજકારણ રમી રહ્યા હોયનો આક્ષેપ ભાજપના મોભી અને જિલ્લા પંચાયતના પૂર્વ કારોબારી સેરમેન નિર્મળભાઈ એમ.ખુમાણ દ્વારા જણાવાયું હતું. અહીં કોંગ્રેસ સાથે સંકળ ાયેલા જાબાળના સરપંચ જયદીપ ખુમાણ દ્વારા મંત્રીની બદલી થતા આક્ષેપ લગાવ્યો હતો કે આ બદલી ભાજપના ઈશારે થઈ છે અને કાઠી સમાજના જયાં સરપંચ હોય ત્યાં તેનું મહત્વ ઘટાડવામાં આવી રહ્યું છે જે ને લઈને ભાજપના પીઢ અગ્રણી અને કાઠી સમાજના મોભી નિર્મળભાઈ ખુમાણ દ્વારા આ નિવેદનને વખોડવામાં આવ્યું હતું અને જણાવ્યું કે છેલ્લા ૫૦ વર્ષથી કાઠી સમાજના જ અગ્રણી અહીં સરપચ તરીકે આરૂઢ છે અને અહીં છેલ્લી ટર્મમાં તો ભાજપ સરકાર દ્વારા દોઢ કરોડના વિકાસ કામો ગામમાં કરવામાં આવેલ છે જેમાં રોડ રસ્તા દાર પાણી વ્યવસ્થા બસ સ્ટેશન નવી પ્રાથમીક શાળા સહિતના કર્યો પૂર્વ સરપચ ભુપેન્દ્રભાઈ એન.ખુમાણ દ્વારા કરવા આવ્યા હતા તો કાઠી સમાજને છેનો અન્યાય થયો અહીં સાવરકુંડલા તાલુકામાં અનેક કાઠી દરબારો હાલ સરપંચ પદે ચાલુ છે અને તે તમામ ગામો જયારે વિકાસની હરણ ફાળ માં તે ગામો પણ જાબાળ સાથે શામિલ છે તો કોઈ નાત જાતના ભેદભાવ નથી અહીં સામાન્ય બાબત છે કે જે કામો ભાજપના ધારાસભ્ય દ્વારા હાલ કામો પણ ગામમાં મંજૂર કરેલ છે તો એ કામો પણ બીજી જગ્યા ફેરવેલ છે આવી જ રીતે ગામના વિકાસના કામો મંત્રી અને સરપંચની મિલી ભગતથી કામો નથી કરી રહ્યા ના હોય તો રૂટિન સરકારી બદલી થતી હોય છે જે અંતર્ગત લાધવાની બદલી થતા જાબાળના સરપંચ જયદીપ ખુમાણ છીછરી રાજનીતિ નાત જાતની કરી રહ્યા છે જે ને હું સ્તખ શબ્દોમાં વખોડું છૂ ને અને ભાજપના આગેવાન નિર્મળભાઈ ખુમાણે જણાવાયું હતું કોઈ બદલી કોઈના ઈશારે ન થઈ હોવાનું પણ જણાવી જયદીપભાઈ ખુમાણ ટૂંકી રાજનીતિ કરી ભાજપને બદનામ કરી રહ્યાનું જણાવ્યું હતું.

### ગણેશ વિસર્જન અને ઈદએ મિલાદ અંતર્ગત

# બાબરાનાં પોલીસ સ્ટેશન ખાતે આગેવાનોની ઉપસ્થિતિમાં શાંતિ સમિતિની બેઠક યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા પોલીસ સ્ટેશન ખાતે ગણેશ વિસર્જન તહેવાર તેમજ ઈદ એ મિલાદ તહેવાર ઉજવણી અંતર્ગત શાંતિ સમિતિની મીટીંગ રાખવામાં આવેલ હતી. જેમાં ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર આર.એચ. રતનની અધ્યક્ષતામાં શાંતિ સમિતિની મીટીંગ લેવામાં આવેલ તેમજ પી.એસ.આઈ. એ.એમ. રાધનપરા મિટિંગમાં હાજર રહેલ. તેમજ બાબરા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ તેમજ સભ્યો તથા વેપારી આગેવાનો તથા બીજેપી આગેવાન, બાબરા શહેર પ્રમુખ અશોકભાઈ રાખોલીયા તથા અમરેલી જિલ્લા પંચાયત સભ્ય નીતિનભાઈ રાઠોડ તથા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ રહીમભાઈ અગવાન તેમજ અન્ય મુસ્લિમ સમાજના આગેવાનો તથા હિન્દુ આગેવાન ગજેન્દ્રભાઈ શેખવા તથા ગણપતિ સ્થાપન કરેલ આયોજકો તથા બાબરા ખાતેના પત્રકાર મિત્રો હાજર રહેલ. જેમાં બાબરા ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર દ્વારા બાબરાના વિવિધ મંડળો સમાજ શ્રેષ્ઠિઓ, હિન્દુ–મુસ્લિમ ભાઈઓ, આગેવાનોને ભાઈચારાની ભાવના રાખી આ તહેવારો ઉજવવામાં આવે તેવી લાગણી વ્યકત કરવામાં આવેલ તેમજ બાબરા મામલતદાર દ્વારા નક્કી કરવામાં આવેલ ગણપતિ વિસર્જન માટે બાબરા નજીક આવેલ સોનપરી તળાવ તથા વડલીવાળા મેલડી માતાજીના મંદિર ખાતે આવેલ તળાવ ખાતે ગણપતિ વિસર્જન કરવામાં આવે જેથી આકસ્મિક સંજોગોમાં સ્થળ પર રાખેલ તરવૈયાની મદદ લઈ અકસ્માત અટકાવી શકાય. જેથી સદરહું સ્થળ પર ગણેશ વિસર્જન કરવા જણાવવામાં આવેલ તેમજ પરપ્રાંતિય મજુરનો ખેતીમાં તેમજ ઉદ્યોગ ધંધામાં બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવે ત્યારે તેમના જરૂરી ડોકયુમેન્ટ તથા રજીસ્ટ્રેશન કરવા જણાવેલ તેમજ સાયબર ક્રાઈમ અંગે વધતા ગુનાઓ અને તેની સામે તકેદારી રાખવા અપીલ કરેલ તેમજ વેપારી આગેવાન તેમજ રાજકીય આગેવાન દ્વારા ટ્રાફિક વ્યવસ્થા બાબતે જરૂરી નિયંત્રણ રાખવા રજૂઆત કરવામાં આવેલ. જે બાબતે ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર દ્વારા જરૂરી કાર્યવાહી કરવા બાંહેધરી આપેલ.

# જીથુડીનાં પંચમુખી હનુમાનજીનાં સંત મનુપુરીબાપુ બ્રહ્મલીન થયા



અમરેલી, તા.૨૭

કુકાવાવ તાલુકાના જીથુડી ગામે પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે સંત મનુપુરીબાપુ બ્રહ્મલીન પામ્યા હતા તેને પાલખીમાં બેસાડીને તેમના ગુરૂ દયાપુરી માતાજી તેમજ દુર દુરથી આવેલા તેમના ભાવી ભક્તો અને ગામ લોકો દ્વારા સમાધિ આપવામાં આવી હતી. જીથુડી પંચમુખી હનુમાનજી આશ્રમ ખાતે પુજનીય સંત મનુપુરી બાપુ બ્રહ્મલીન થયાના સમાચાર સાંભળી દૂર દૂરથી અને જીથુડી ગામમાંથી ભાવિ ભક્તો આવી પહોંચ્યા હતા અને સંત મનુપુરીબાપુની સમાધિમાં માટી પધરાવી હતી અને સંત મનુપુરીબાપુની સમાધીના ભાવીભક્તોએ દર્શન કર્યા હતા. સંત મનુપુરીબાપુની પૂજન વિધિ તા. ૬/૧૦/ ૨૦૨૩ને શુક્રવારે સાંજના ચાર કલાકે રાખેલ છે. પૂજન વિધિમાં જીથુડી પંચમુખી હનુમાનજી આશ્રમ દ્વારા ભાવી ભક્તોને પૂજન વિધિમાં આવવા ભાવભર્યું નિમંત્રણ પુજનીય દયાપુરી માતાજી દ્વારા આપવામાં આવ્યું છે.

# અમરેલી : યોગીનગર યુવક મંડળ દ્વારા ગણપતિ મહોત્સવની ઉજવણી



અમરેલી, તા.૨૭, અમરેલીના લાઠી રોડ પર યોગીનગર યુવક મંડળ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવ અંતર્ગત છઠ્ઠા દિવસો શ્રી ગણપતિ બાપ્પાને ૫૬ ભોગ અન્નકુટનો મહાપ્રસાદ અર્પણ કરવામાં આવ્યો.

# સરંભડા હેલ્થ વેલનેસ ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



અમરેલી, તા. ૨૭

આયુષ્યમાન ભવ કાર્યક્રમ અંતર્ગત સરકારની સુચના તથા મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ. જોષી તથા તાલુકા હેલ્થ ઓફિસર ડો. રાજીવકુમાર સિન્હાનાં માર્ગદર્શન હેઠળ હેલ્થ વેલનેસ સેન્ટર સરંભડા ખાતે મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ હતો. જે શાંતાબા મેડિકલ કોલેજ બ્લડ બેંકનાં સહયોગથી યોજવામાં આવેલ હતો. જે અન્વયે ૧૯ લોકોએ બ્લડ ડોનેટ કરેલ હતું અને ૧૯ યુનીટ બ્લડ એકત્ર થયેલ હતું.

આ તકે સરંભડા ગામ આગેવાન તાલુકા પંચાયત સભ્ય રાજુભાઈ કાછડીયા પ્રતિનિધિ સરપંચ વિનુભાઈ દુધાત પ્રતિનીધી, ઉપસરપંચ મધુભાઈ હરખાણી, પૂર્વ તાલુકા પંચાયત સદસ્ય દલસુખભાઈ દુધાત, માજી સરપંચ રવજીભાઈ ગઢિયા, મોટાભાઈ સંવટ, કાળુભાઈ દોંગા, પ્રકાશભાઈ દોંગા તેમજ અન્ય ગામ આગેવાનો પધારેલ હતા. આ તકે ખાસ જે ૧૯ લોકો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવે તે તમામ ગામ રહીશોનો વિશેષ આભાર માનવામાં આવેલ હતો. આ કેમ્પને સફળ બનાવવા સ્થાનિક આરોગ્ય કર્મચારી વિનોદભાઈ બારૈયા, કૈલાશબેન દાફડા, વંદનાબેન દેવમુરારી, દીપ્તીબેન હરિયાણી દ્વારા સખત જહેમત ઉઠાવેલ હતી. આ કેમ્પ માટે ચાવંડ મેડિકલ ઓફિસર ડો. મુકેશસીંગનો પણ વિશેષ સહકાર મળેલ હતો. આ તકે ડો. ભગત રમેશભાઈ તલસાણીયા, આકાશ, ડો. અગ્રાવતનો પણ સહકાર મળેલ હતો. ગ્રામજનોને બ્લડ ડોનેશન કરવાના ફાયદાઓ વિશે સમજણ આપવામાં આવેલ હતી. અને તેનાં ફાયદાથી શરીરમાં થતાં લાભો વિશે સમજણ આપવામાં આવેલ હતી. ઉપરોકત સંપૂર્ણ કેમ્પ વાંકીયા મેડિકલ ઓફિસર ડો. કૃણાલ રામાણી, ડો. કીરણબેન શેલડીયાનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતો.

# ઉના : એલમપુર ખાતેથી ૯ પત્તાપ્રેમીઓની અટકાયત

ઉના, તા. ૨૭, સર્વેલન્સ સ્કવોડનાં પો.સબ.ઈન્સ. સી.બી. જાડેજા, એ.એસ.આઈ. ધર્મેન્દ્રસિંહ પરમાર, પ્રદિપસિંહ રાયજાદા, એલ.જે. પંપાણીયા, પો. હેડ કોન્સ. અભેસિંહ, પો.કોન્સ. કૌશિકસિંહ અમરશીભાઈ વાળા, વિજય રામ, નલીન સોલંકી, કનુ વાઢેર સહિતનો પો.સ્ટાફ ઉના પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન સાથેનાં પો.કોન્સ વિજય રામ, કનુ વાઢેરને એલમપુર ગામ વિસ્તારમાં જુગાર રમતા હોવાની બાતમી મળતા વડહક વાડી વિસ્તારમાં આવેલ જાદવભાઈ પુનાભાઈ બાંભણીયાની વાડીનાં મકાનમાં રેઈડ કરતા જાદવ પુનાભાઈ બાંભણીયા, બાબુ જાદવભાઈ બાંભણીયા, બાલુ રાજાભાઈ શિયાળ, દેવસી ગીગાભાઈ રાઠોડ, ભુપત રામભાઈ બાંભણીયા, લખન નાનજી બાંભણીયા, હુસેન ઈસાભાઈ મન્સુરી, વલ્લભ પુનાભાઈ બાંભણીયા, રાણા નાનુભાઈ મકવાણા રહે. તમામ એલમપુર કુલ રૂા.૧ લાખ ૭૪ હજાર ૫૫૦નાં જુગારનાં મુદ્દામાલ સાથે ૯ જુગારીઓને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરી હતી.

### કવોલીટી જાળવણી માટે શ્રેષ્ઠ કામગીરી

# બાબરા : વાવડાનાં હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર જિલ્લામાં સૌપ્રથમ સ્થાને

### રાષ્ટ્રીય કક્ષાનાં બિરૂદથી આરોગ્ય કર્મીઓ ખુશ




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૨૭

રાષ્ટ્રીય કક્ષાની ટીમ ૧૨ ઓગષ્ટ ૨૦૨૩નાં રોજ આવેલ તે ટીમ દ્વારા હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર–વાવડાને કવોલીટીની ગુણવત્તાનાં એસેસમેન્ટમાં ૯૧%નું સર્ટીફિકેટ આપવામાં આવ્યું છે જે અમરેલી જિલ્લામાં પ્રથમ હેલ્થ સેન્ટર બન્યુંછે જે આ સિધ્ધી પ્રાપ્ત કરી શકયું છે.

આ સિધ્ધિમાં જીલ્લા કક્ષાએથી સી.ડી.એચ.ઓ. ડો. આર.એમ.જોષી, આર.સી.એચ.ઓ. ડો. અલ્પેશ સાલવી, એ.એમ.ઓ. ડો. એ.કે. સીંગ, કયુ.એ.એમ.ઓ. ડો. આર.કે. જાટ, એસ.એમ.ઓ. ડો. વી.જે. અગ્રાવત તેમજ જીલ્લાની કવોલીટી ટીમ, તાલુકા બાબરા કક્ષાએથી ટી.એચ.ઓ. ડો. અક્ષય ટાંક, ટી.એચ.એસ. રાજુભાઈ સલખના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર– કોટડાપીઠાનાં મેડિકલ ઓફિસર, સુપરવાઈઝર, તેમજ તમામ સ્ટાફનાં માર્ગદર્શન હેઠળ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર–વાવડાનાં કર્મચારી, નીરવભાઈ મકવાણા, રાજનભાઈ ગમારા, પાયલબેન કટારા, મીરાબેન મેતરા, તેમજ આશાબેનો નીરૂપાબેન મેવાડા, મંજુબેન જાદવ, અસ્મીતાબેન જાપડીયા, હેતલબેન ગોસાઈએ આ એસેસમેન્ટમાં ઈન્ટરવ્યુ, ઓબ્ઝરવેશન, મોકડ્રીલ, દર્દીનાં ઈન્ટરવ્યુ વગેરે સ્ટેજ સફળતાપૂર્વક પસાર કરીને ૯૧% સાથે આ સુવિધા વાવડા અને કલોરણા ગામ બન્ને લોકોને ગુણવત્તાસભર, ઝડપી અને ઉત્કૃષ્ટ અને ડીઝીટલાઈઝેશન દ્વારા વિનામૂલ્યે સેવાઓ અને આરોગ્ય શિક્ષણ અંગે જનજાગૃતિ નેશનલ કવોલીટી સારવાર ગામડાનાં છેવાડાનાં માનવી સુધી મળી રહેશે તેમજ આ એન.કયુ.એ.એસ. સર્ટીફીકેટ મેળવવાની તૈયારી છેલ્લા દોઢ વર્ષથી કરવામાં આવી રહી હતી. જેમાં ડો. દીપાલીબેન શેખલીયા, મેહુલભાઈ ડાંગર, મુકતાબેન ધડુક, ભોજભાઈ ગીડા, પ્રતીકભાઈ અમરેલીયા, ફાલ્ગુનીબેન મકવાણા, પ્રીયંકાબેન દેગામા, ગોપીબેન મકવાણા જે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર–કોટડાપીઠા સ્ટાફે એન.કયુ.એ.એસ.સર્ટી મેળ વવાની કામગીરીમાં દરેક સ્ટેજે મદદ તેમજ માર્ગદર્શન આપેલ હતું અને ટીમ વર્કથી જીલ્લાનું પ્રથમ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર બનેલ છે. જે રાષ્ટ્રીય સ્તરનું સર્ટી મેળવનાર હોય જે માહિતી તાલુકા હેલ્થ ઓફિસર બાબરા ડો. અક્ષય ટાંકની યાદી જણાવે છે.

# અમરેલીનાં સપૂત વિર શહિદ મનિષભાઈ મહેતાનાં નામનું પાર્કનું નામકરણ કરવામાં આવશે



અમરેલી, તા. ૨૭

અમરેલીનાં સપુત વિર શહીદ મનિષભાઈ ગુવંતભાઈ મહેતા ભારતીય આર્મીમાં ૧૪ વર્ષથી ફરજ બજાવતા હતા. તેનું રાજસ્થાન પોખરણ ખાતે યુધ્ધ અભ્યાસ અર્થે તેમના હેડકવાર્ટર આસામથી તેમની યુનિટ સાથે રેલ્વે દ્વારા જઈ રહ્યાં હતાં. ત્યારે તા. ૧૯/૦૧/૨૦૨૩ તેમના હેડકવાર્ટર આસામથી તેમની યુનિટ સાથે રેલ્વે દ્વારા જઈ રહ્યાં હતા. ત્યારે તા. ૧૯/૦૧/૨૦૨૩નાં રોજ ન્યુ જલપાઈ ગુડી રેલ્વે સ્ટેશન પર તેમની ફરજ દરમિયાન શહિદ થયેલ હતા. તેમના પાર્થિવ દેહને અમરેલી તેમના નિવાસ સ્થાને લાવવામાં આવેલ અને પુરા લશ્કરી માન સન્માન સાથે તથા અમરેલીનાં રાષ્ટ્રપ્રેમી જનતા તથા રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં અગ્નિદાહ આપવામાં આવેલ આવા વિર સપુતનું બલિદાન અને તેમની કાયમી યાદી રહે અને એની યાદમાં સ્મારક બને એના માટે નગરપાલિકાનાં ઉપપ્રમુખ રમાબેન નરેશભાઈ મહેતા દ્વારા તા. ૨૯/૦૧/૨૦૨૩નાં રોજ મુખ્યમ્ંત્રી, કલેકટર તથા ધારાસભ્યને રજૂઆત કરેલ જેના અનુસંધાને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા તથા નગરપાલિકાનાં પ્રમુખ મનિષાબેન રામાણી દ્વારા રજૂઆત સ્વિકારી અને લાઠી રોડ ફોરવર્ડ હાઈસ્કૂલથી ડોકટર હાઉસ સુધીનાં પાર્કને ''વીર શહિદ મનિષભાઈ ગુણવંતભાઈ મહેતા પાર્ક'' નામ કરણ કરવા કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવાનાં અધ્યક્ષ સ્થાનેથી સર્વાનુમતે ઠરાવ પાસ કરવામાં આવેલ છે. આ પાર્કનું કામકાજ અત્યારે ચાલુ છે પૂર્ણ થયે નામકરણ તથા લોકાર્પણ વિધી કરવામાં આવશે આ વીર શહિદ મનિષભાઈ ગુણવંતભાઈ મહેતા પાર્ક અંગે રાષ્ટ્રપ્રેમી સૌ નાગરિકો આવકારે છે. અમરેલી સારહિ યુથ કલબનાં ચેરપર્સન મુકેશભાઈ સંઘાણી, શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા વર્તમાન નગરપાલિકા પ્રમુખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ ધરજીયા, ઉપપ્રમુખ બીનાબેન કાલેણા દંડક દિલાભાઈ વાળા, શાસક પક્ષનાં નેતા શિતલબેન ઠાકર, જીલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ મુકુંદભાઈ મહેતા, ડિસ્ટ્રીકટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી તથા શિક્ષણ સમિતિનાં ચેરમેન તુષારભાઈ જોષી તથા અમારા નગરપાલિકાનાં તમામ સદસ્યોએ તથા વિવિધ સામાજિક સંસ્થાઓએ આવકારેલ છે અને અભિનંદન પાઠવેલ છે નરેશભાઈ મહેતાની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ગંગા નદીમાં તમામ અસ્થિઓનું વિસર્જન

# બગસરાનાં અસ્થિઓનું હરિદ્વાર ખાતે વિસર્જન કરતા સેવાભાવિઓ

### દર વર્ષે નિઃશુલ્ક સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૭

બગસરા અને વિસાવદરમાંથી દર વર્ષે અસ્થિઓ એકત્ર કરી હરિદ્વાર ખાતે વિસર્જન કરવામાં આવે છે. છેલ્લાં ૧૦ વર્ષથી ચાલતી આ અવિરત સેવા સેવાભાવિઓ દ્વારા સ્વખર્ચે કરવામાં આવી રહી છે. બગસરાનાં હિન્દુ સ્મશાન ખાતે તમામ અસ્થિઓ લાવી મૃતકોનાં સ્વજનોનાં હાથે પૂજન કરવામાં આવે છે. છેલશંકરભાઈ ત્રિવેદી દ્વારા શાસ્ત્રોકત વિધીથી અસ્થિપૂજન કરવામાં આવે છે. જે સ્વજન ગેરહાજર હોય તે તમામ અસ્થીઓનું પૂજન ગીરધરભાઈ સોલંકી દ્વારા થાય છે. નટવરનગરનાં બાલા ભગત અને તેમની ટીમ દ્વારા ભજન કિર્તનની સાથે તમામ અસ્થિઓ કુંભમાં એકત્ર કરી દિપકભાઈ પંડયા, મયુરભાઈ પંડયા સહિતનાઓ દ્વારા હરિદ્વાર ખાતે આવી વિધી વિધાનથી ગંગા નદીમાં અસ્થિઓ પધરાવી તમામ દિવંગતોના આત્માની સદ્ગતી માટે પ્રાર્થના કર્યા બાદ ગરીબોને ભોજન આપી પુણ્યનું ભાથુ બાંધ્યુ હતું.

# સા.કુંડલા ખાતે પંડિત દીનદયાળ ઉપાધ્યાયની ૧૦૭મી જયંતિએ પુષ્પાંજલિ

સાવરકુંડલા, તા. ૨૭

ત્યાગ અને તપસ્યાનું મૂર્ત સ્વરૂપ અખંડ માનવતાવાદ અને અંત્યોદયનાં પ્રણેતા પંડિત દીનદયાળ ઉપાધ્યાયજીની ૧૦૭ જન્મજયંતી નિમિત્તે હાથસણી રોડ આસોપાલવ સોસાયટી ખાતે વોર્ડ નંબર પાંચનાં કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાવરકુંડલા ચંપુભાઈ ધાધલ મંત્રી સાવરકુંડલા શહેર ભાજપ, કેશવ બગડા સદસ્ય સાવરકુંડલા નગરપાલિકા, કરશનભાઈ આલ શાસક પક્ષ નેતા પતિ સદસ્ય, દિલુભાઈ કામળ ીયા કાર્યકર્તા વિવેકભાઈ પુરોહિત. સાગર ડોડીયા સહિતનાં કાર્યકર્તાઓ દ્વારા પુષ્પાંજલિ અર્પણ કરી સાદર વંદન કરવામાં આવ્યા હતા. પંડિત દીનદયાળ જીની ઉચ્ચ વિચારસરણી, ભારતીય સંસ્કૃતિ પરનું વિશ્લેષણ તેમજ આદર્શ સમાજની સમસ્યાઓ પરના તેમનાં પ્રવચનો આજે પણ ભારતીય રાજકારણમાં માર્ગદર્શન આપે છે.

# ‘ઈશ્વર સત્ય હૈ, સત્ય હી શિવ હૈ... શિવ હી સુંદર હૈ..., એ મેરે વતન કે લોગો, જરા આંખ મેં ભરલો પાની...

## માતા સરસ્વતીના પ્રતિક પૂ.લતા દીદી

દુનિયામાં જન્મ લેતા તમામ બાળકો તેનું ભાવિ સાથે લઈ આવે છે, પણ અમુક બાળકો દિવ્ય શકિત અને ઈરીય શકિત સાથે જન્મ લે છે, જે બીજા વ્યકિતઓથી અલગ હોય છે, તેવી એક બાળ કીનો જન્મ માતા સરસ્વતીના અંશ રૂપે તા. ૨૮ સપ્ટેબર ૧૯૨૯ના રોજ એક મરાઠી બ્રાહમીન પરિવારમાં ઈન્દોર શહેર માં થયો, જેને સમગ્ર વિ લતાજી, લતા દીદીના નામથી જાણે છે, આજ તેમના ૯૫માં જન્મદિને તેમના જીવનની ઝાંખી સાથે તેમને સત સત વંદન કરીએ. લતાજીના ગીતો સાથે તેમના જીવન સસ્મરણને યાદ કરીએ.

**‘બચપન આ બચપન... પ્યારે... પ્યારે... બચપન’**

ઈન્દોરમાં દીનાનાથ મંગેશકર અને શેવન્તિ ને ત્યાં ૨૮–૯–૨૯ ના રોજ એક બાળકી નો જન્મ થયો, તેનું નામ ‘હેમા’ રાખવામાં આવ્યું, દીનાનાથ મૂળ ગોવાના રહેવાસી હતા, અને તેમની અટક હાર્દિકર હતી પણ તેમના ગામ મંગેશી પરથી તેમને લોકો મંગેશકરથી વધુ જાણતા હતા. હેમા પાંચ ભાઈ બહેનોમાં સૌથી મોટા હતા, મીના, આશા, ઉષા અને ભાઈ હૃદયનાથ તેમનાથી નાના હતા તેમના પિતાજી દીનાનાથજી મરાઠી અને કોંકણી ભાષાના ગાયક હતા, સાથે થિયેટરમાં અભિનય પણ કરતાં હતા, હેમા નાના હતા તો તેમની તબિયત સારી રહેતી ના હતી, કોઈ કે તેમના પિતાને હેમાનું નામ બદલવાની સલાહ આપી, દીનાનાથને ‘નાટક ભાવ બંધન’ ખુબજ પ્રિય હતું અને તેમાં હેમા પણ કામ કરતાં અને તેમનું નામ તેમાં લતા હતું, દીનાનાથે તેમની પુત્રીનું નામ હેમાથી લતા કર્યુ, અને ત્યારબાદ તેઓ હંમેશા સ્વસ્થ રહ્યા, લતાજી અને આશાજી સ્કૂલે જતાં અને તમે માનશો કે લતાજી માત્ર એક દિવસ જ સ્કૂલે ગયા હતા, જી હા, સ્કૂલે લતાજી બીજા બાળકો સાથે સંગીતના પાઠ શરૂ કરી દીધા અને પ્રિન્સિપાલ તેમના પર ગુસ્સે થયા, ત્યારબાદ તેમના પિતાજીએ લતાજી માટે ઘરે શિક્ષકો બોલાવતા અને લતાજીનો અભ્યાસ આમ પૂર્ણ થતો હતો, કહવાનું એટલું જ કે પાંચ વર્ષની નાજુક બાળ વયમાં માતા સરસ્વતીની કૃપાથી તેમને માત્ર સંગીત પ્રત્યે વધુ લગાવ થઈ ગયો હતો, ૧૯૩૮ થી તેમણે તેમના પિતાજી સાથે નાટકમાં અભિનય પણ શરૂ કર્યો, અને સ્ટેજ પર પ્રથમ ગીત પણ ૧૯૩૮માં રજૂ કર્યુ, તેમની આગવી પ્રતિભા જોઈ લોકો અચંબિત થઈ જતાં હતા.

**‘જા જા મેરે બચપન કહી જા કે છૂપ નાદાન, યે સફર હૈ અબ મુશ્કિલ આને કો હૈ તુફાન’**

લતાજીના બચપનના દિવસો જલ્દી પૂરા થઈ ગયા, કારણ કે તેમના પિતાજી દીનાનાથજીનું તેઓ માત્ર ૧૩ વર્ષના હતા ત્યારે દેહાંત થઈ ગયું, પરિવાર આર્થિક રીતે સધ્ધર તો હતો, પણ નાના ભાઈ–બહેનોની જવાબદારી તેમણે સાંભળી લીધી, તેમના પિતાના મિત્ર માસ્ટર વિનાયકે તેમને ગાયિકા અને અભિનેત્રી બનાવવાના પ્રયત્નો શરૂ કર્યા, ૧૯૪૨માં મરાઠી ફિલ્મ કિતી હસાલ માટે તેમણે પ્રથમ ફિલ્મી ગીત ગાયું, ‘નાચું યા ગાડે’ પણ નિર્માતા વસંત જોગલેકરે તે ગીત રદ કર્યુ, વિનાયક દ્વારા તેમને ૧૯૪૨ માં મરાઠી ફિલ્મ ‘પહલી મંગલા’ માં નાનું પાત્ર મળ્યું, પણ અભિનય તેમને પસંદ ના હતો, વિનાયકે મુંબઈમાં, તેની સંસ્થા ૧૯૪૫ માં ફેરવી, અને લતાજી તેની સાથે મુંબઈ આવ્યા, તેમણે ઉસ્તાદ અમાન અલી પાસે થી શાસ્ત્રીય સંગીતની શિક્ષા લીધી, અને વસંત જોગલેકરની ફિલ્મ આપ કી સેવા માટે ‘પાય લાગુ કર જોડી’ ગીત ૧૯૪૬માં ગાયું, અને

તેમણે અને આશાજીએ બડીમાં ફિલ્મમાં નાની ભૂમિકાઓ પણ ભજવી. ૧૯૪૮માં માસ્ટર વિનાયકનું નિધન થયું, અને લતાજી નો સંપર્ક સંગીતકાર ગુલામ હૈદર સાથે થયો, એ સમય હિન્દી સિનેમામાં ગાયિકા નુરજહા નો હતો, સાથે શમ શાદ બેગમ, ઉમા દેવી સુરૈયા જેવી ગાયિકા આ પ્રચલિત હતી, તે તમામ ગાયિકાનો



સ્વર થોડો ઊંચો હતો, લતાજી નુરજહા ની નકલ કરી ગીતો ગાવા નો પ્રયાસ કરતાં હતા, પણ તે સમયે ગીત ના શબ્દો માં ઉર્દુ નો ઉપયોગ વધુ થતો હતો, તો લતાજી એ, તેમની ગાયિકા માં ઉર્દુ નો સ્પસ્ટ ઉચ્ચાર થાય તે માટે, તેમણે શફી નામ ના ઉર્દુશિક્ષક પાસે થી ઉર્દુ ભાષાનું જ્ઞાન લીધું હતું, કારણ કે શશધર દિલિપ કુમારને લઈ ફિલ્મ ‘શહીદ ‘ બનાવી રહ્યા હતા, ત્યારે દિલિપ કુમારે લતાજીના ઉર્દુ ઉચ્ચાર બરાબર થતાં નથી તેમ કહ્યું હતું, અને શશધરે લતાજીનો અવાઝ વધુ પાતળો છે કહી ગીત આપ્યું ના હતું, ત્યારે



સંગીત કાર અને લતાજીના ગોડ ફાધર હૈદર અલી નારાઝ થઈ એટલું બોલ્યા હતા કે ‘આવનાર દિવસોમાં લતાજીનો સમય આવશે અને લતાને ગીત ગવરાવવા પગે લાગવું પડશે, અને તેમની આ ભવિષ્ય વાણી સાચી સાબિત થઈ.

**સોલા બરસ કી બાલી ઉમર કો સલામ...**

૧૯૪૯માં લતાજીને મધુબાલા ને સ્વર આપવાનો મોકો મળ્યો, આજ સુધી તેઓ તેમનો મુલાયમ અને ઉચ્ચ કક્ષાનો અવાઝનો ઉપયોગ કરતાં ના હતા, મહલ ફિલ્મ એ હિન્દી સિનેમાની પહેલી સફળ હોરર, સસ્પેન્સ ફિલ્મ હતી, ફિલ્મમાં અશોકકુમાર અને મધુબાલા મુખ્ય ભૂમિકામાં હતા, ફિલ્મનું સંગીત, ખેમચંદ પ્રકાશે આપ્યું હતું, ગીતના શબ્દો હતા, ‘આયેગા આયેગા આયેગા.. આયેગા આને વાલા.. આયેગા...’ આ ગીત લતાજી એ પોતાના સ્વરમાં પોતાની મૌલિક ગાયિકીથી ગાયું હતું, આ ગીત એટલું લોકપ્રિય થયું કે ફિલ્મી જગતમાં લતાજીનું નામ થઈ ગયું સાથે સાથે ભાગ્યએ સહકાર આપ્યો, તે સમય એ લતાજી વીશ વર્ષના હતા, નુરજહા એ સમયના લોકપ્રિય ગાયિકા હતા,૧૯૪૨માં નુરજહા એ શૌકત રીઝવી જે ફિલ્મ નિર્માતા નિર્દેશક હતા. તેમની સાથે નિકાહ કર્યા હતા,

ભારત આઝાદ થતાં ભારત પાકિસ્તાન ના ભાગલા થયા અને ૧૯૪૭ માં શૌકત અને નુરજહા પાકિસ્તાન જતાં રહ્યા, ઉમાદેવી એ ગાયિકી છોડી, અભિનેત્રી ટૂન ટૂન બની ગયા હતા, તો સુરૈયા પોતાના અંગત પારિવારિક જીવનથી ૧૯૫૦ના દસકમાં હિન્દી સિનેમામાંથી નિવૃતિ તરફ જતાં રહ્યા હતા, હવે નવી અભિનેત્રીઓ, નરગિસ, મધુબાલા, વૈજયંતી માલા, અને નુતન હિન્દી સિનેમા માં ૧૯૫૦ ના દસક માં છવાઈ ગયા હતા, અને ગાયિકી માં લતાજી અગ્રેસર હતા, ૧૯૫૦ ના દસક માં લતાજી એ નૌસાદ, શંકર જયકિશન, હેમત કુમાર, સી.રામ ચંદ્ર, મદન મોહન, દ્તાં રામ, એન દતા , એસ ડી બર્મન, રોસન, રવિ, હૂસનલાલ ભગત રામ, સલિલ ચૌધરી, કલ્યાણજી આનંદજી, જેવા સંગીતકારો અને મુકેશજી, રફી સાહેબ, મન્નાડે, હેમંતકુમાર, ચિતલકર જેવા ગાયકો સાથે યાદગાર ગીતો આપ્યા, તેમના ગુરૂ હૈદર અલીના વચન મુજબ સંગીત કારો પાસે લતાજી સિવાય કોઈ વિકલ્પ ના હતો, તેમણે ૧૯૫૦ ના દસક થી એક ચક્રી ગાયિકી નું શાસન જમાવ્યું હતું, હા એક માત્ર સંગીતકાર ઓ.પી. નૈયર સાહેબ સાથે તેમને એક ગીત બાબત રકજક થઈ, કારણ કે તે ગીત ઓ.પી. સાહેબ ફિલ્મ માં એક સહ નાયિકા પર રજૂ કરવાના હતા, અને લતાજી એ ગીત ગાવા ની ના કહી, સાચું કારણ શું છે ? તે બાબતે ઓ.પી. સાહેબ કે લતાજી એ કયારેય પણ ઉલ્લેખ કર્યો નથી. તેનો ફાયદો તેમના બહેન આશાજી ને મળ્યો, સાથે સહનાયિકા પર ફિલ્મવાતા ગીતો પણ આશાજી મળવા લાગ્યા, અને આશાજીના માદક સ્વરે લોકોના દિલ જીતી લીધા, ૧૯૫૦ના દસક પૂરા થતાં, આશાજી પણ બીજા ક્રમાંકના ગાયિકા બની ગયા હતા.

**માર દિયા જાયે..યા છોડ દિયા..જાયે..બોલ તેરે સાથ કયાં સુલુક કિયા જાયે**

૧૯૬૦ ના દસક આવતા પહેલા અને શરૂ થયા બાદ લતાજી એ હિન્દી સિનેમા માં બે મહત્વ ના બદલાવ લાવ્યા, પ્રથમ બદલાવ ફિલ્મ ફેર એવાર્ડ બાબત નો હતો, ૧૯૫૦ ના દસક માં ફિલ્મ ફેર એ હિન્દી સિનેમા ના સમાચાર નું લોકપ્રિય

મેગઝિન સાબિત થયું, અને તેમના દ્વારા ૧૯૫૦ થી દર વર્ષે સારી ફિલ્મ, અદાકાર અને ગાયક કલાકાર માટે એવાર્ડ આપવાનું શરૂ થયું, પણ ૧૯૫૭ સુધી ગાયિકીમાં માત્ર પુરૂષ ગાયકોને જ એવાર્ડ આપતા હતા,



લતાજી એ તેનો સખત વિરોધ કર્યો અને ગાયિકી ક્ષેત્રે મહિલા ગાયિકાઓ માટે એવાર્ડ ની માંગ કરી, લતાજી નો સિતારો સાતવા આસમાન પર હતો, અને તેમની માંગણી પણ વ્યાજબી હતી, અને ૧૯૫૮ થી મહિલા ગાયક માટે એવાર્ડ ની શરૂઆત થઈ, અને પ્રથમ



સ્ત્રી ગાયિકાનો એવાર્ડ લતાજીને ફિલ્મ મધુમતીના ગીત ‘આજા રે..પરદેશી માટે મળ્યો..

આજ રીતે નિર્માતા અને નિર્દેશક જે તે ફિલ્મના સંગીત માટે રોયલ્ટી આપતા હતા, જે માત્ર સંગીતકારોને જ મળતી હતી, લતાજીએ તેનો વિરોધ કર્યો, અને ગાયકોને પણ જે તે ગીત માટે રોયલ્ટી મળવી જોઈએ તેવી માંગ, હિન્દી સિનેમાના અન્ય ગાયકો સાથે મૂકી,



જેમાં રફી સાહેબે વિરોધ કર્યો, તેમનું કેહવું હતું, કે ગીત ગાવા માટે, જે રકમ નિર્માતા તરફ થી મળી ગઈ, ત્યારબાદ ગાયક રોયલ્ટી માટે માંગણી કરી શકે નહીં, આમ જોઈ એ તો કોઈપણ ગીત, સંગીત પહેલા જે તે ગાયકને લઈ યાદ કરાય છે, આ બાબતે લતાજી અને રફી સાહેબ વચ્ચે ખટરાગ થઈ ગયો, અને



૧૯૬૦ ના દસક માં બંને પ્રથમ ક્રમ ના ગાયકો એક સાથે ગીત ગાવા માટે તૈયાર થયા નહીં, રાજ કપૂરે પણ લતાજી ના આ રોયલ્ટી બાબતે વિરોધ કર્યો, તો લતાજી એ રાજ સાહેબ ને એટલું જ કહ્યું, ‘હિન્દી સિનેમા ગીત થી સફળ થાય છે, અને હિન્દી

સિનેમા માં લતા ગીત ના ગાય તો તમામ નિર્માતા નિર્દેશક ની શું હાલત થાય ? તે વિચારી લેજો, અને અંતે લતાજી ની માંગ માન્ય રાખવામાં આવી અને આ રોયલ્ટી ના લીધે ૧૯૫૦ અને ૬૦ ના અમુક ગાયકો જે આગળ જતાં સફળ ના થયા, તેમનું ગુજરાન ચાલતું હતું, જે લતા દીદીને આશીર્વાદ આપી રહ્યા હતા, અંતે રોયલ્ટી મળ્યા બાદ રફી સાહેબે સાથે લતાજી નું સમાધાન થયું, જયકિશન એ રફી સાહેબ પાસે માફી ની ચિઠી લખાવી અને આશરે ત્રણ વર્ષ જેવા સમય બાદ બંને એ સાથે ગીત ગાયા. આમ લતા દીદી એ તે સમય અને ત્યારબાદ ના ગાયકો માટે એક પેન્સન જેવી કમાણી ઊભી કરી આપી. નમન છે આવા દિવ્ય ગાયિકાને. જે પોતાની સાથે અન્યનું પણ હિત ઈચ્છે છે.

**હમ થે જીન કે સહારે ...વો હુવે ના હમારે .... ડૂબી જબ દિલ કી નૈયા ....**

લતાજી ૧૯૬૦ ના દસક માં પ્રથમ ક્રમાંક ની ગાયિકા બની ગયા હતા, પણ ૧૯૬૩ ના સમય માં લતાજી ને ધીમું ઝહેર અપાયું હતું, તેમના ખોરાક માં આ ઝહેર આપવા માં આવતું હતું, અને લતાજી ત્રણ મહિના માટે બીમાર પડી ગયા, તેમના ચાહકો, અને હિન્દી સિનેમા માં એક વાવાઝોડું આવી ગયું, કે હવે શું થસે ? શું લતાજી હવે કદી ગીત નહીં ગાય ? પણ તેમના ડોકટરોની મહેનત ના લીધે ત્રણ મહિના બાદ લતાજી સ્વસ્થ થઈ ગયા, તેમની બહેન મીના, ઉષા અને મજરૂહસુલ્તાન પૂરી એ તેમની પૂરી દેખભાળ કરી, લતાજી એ એક મુલાકાત માં કહ્યું છે, કે બહેનો અને પરિવાર સાથે હતો, પણ મજરૂહ

સાહેબ રોજ તેમની ખબર પૂછવા આવતા અને તેમને હિમ્મત આપતા હતા ત્રણ મહિના બાદ લતાજી એ હેમંત કુમાર માટે ફિલ્મ ‘બીસ સાલ બાદ’નું ગીત ‘કહી દીપ જલે કહી દિલ’ ગાયું હતું, અને તે ગીત ને પણ



ફિલ્મ ફેર એવાર્ડ મળ્યો હતો. લતાજી ને જયારે પૂછવા માં આવ્યું કે તમો ને ખબર પડી કે ઝહેર કોણે આપ્યું હતું ? તો લતાજી એ તેનું નામ લીધા સિવાય કહ્યું કે તેની સામે કોઈ પુરાવા ના હોવા થી આગળ કાર્યવાહી કરી નથી, અને મને સારૂં છે, તો હું કોઈ ને હેરાન કરવા માંગતી નથી, કેવા દયાળુ સ્વભાવના તેઓ હતા તે આ પ્રસંગ થી ખ્યાલ આવે છે, એવું કહેવાય છે કે તેમના રસોઈ બનાવનાર રસોયા એ આ હિન કૃત્ય કરેલ હતું.

**એ મેરે વતન કે લોગો ..જરા આંખ મે ભર લો પાની જો**



**શહીદ હુવે હૈ ઉનકી જરા યાદ કરો કુરબાની**

૧૯૬૨માં ભારત અને ચીનનું યુદ્ધ થયું, અને ભારત ની હાર થઈ, પણ આપણાં હઝારો સૈનિકો શહીદ થઈ ગયા, દેશની હાલત આર્થિક અને માનસિક રીતે નાઝૂક હતી, શહીદ થયેલ સૈનિકો માટે ૨૬ જાન્યુઆરી એ દિલ્લીમાં એક લાઈવ પ્રોગ્રામનું આયોજન કરવા માં આવ્યું હતું ,જેના દ્વારા સૈનિકો માટે એક ફંડ એકઠું કરવાનું હતું, આ પ્રોગ્રામ ની જવાબદારી સંગીતકાર સી રામ ચંદ્રને સોપવામાં આવી હતી, કવિ પ્રદીપ જી એ એક ગીતના શબ્દો તૈયાર કર્યા, અને લતાજી ને સંભળાવ્યા, લતાજી એ કહ્યું કે ગીત ખુબજ સરસ છે, પણ ગીત પોતે રજૂ કરવા સમન્તિ ના આપી કારણ કે, તે ગીત રેકોર્ડ કરવાનું ના હતું, પણ લાખો લોકો સમક્ષ લાઈવ રજૂ કરવાનું હતું, અને તે પણ દેશની આવી સંવેદનશીલ પરિસ્થિતીમાં, તો લતાજી એ પેહલા આ ગીત રજૂ કરવા માટે ના કહી દીધી, કારણ કે ગીત રજૂ કરતાં પહેલા રિહર્ષલ જરૂરી હતું, અને તે માટે સમય ના હતો, સી રામ ચંદ્રે એ લતાજી ને કહ્યું, કે પ્રોગ્રામ માં ગીત તો ઘણા છે, પણ દેશ ની આજ ની પરિસ્થિતી ને અનુકૂળ આ સિવાય કોઈ ગીત નથી, અને તમારા સિવાય બીજું કોઈ

આ ગીત રજૂ કરી શકે તેમ નથી, કારણ આ ગીત નથી પણ એક ભારતની જનતા ની ભાવના છે. લતાજી તૈયાર થયા, તેમણે પહલું ગીત ‘અલ્લાહ તેરો નામ.. રાખ્યું, અને ત્યારબાદ રાષ્ટ્રપતિ સર્વ પલ્લી રાધા કૃષ્ણન, વડા પ્રધાન જવાહર લાલનેહરૂ અને અને ભારત ની જનતા સમક્ષ ‘લતાજી એ ગીત રજૂ કર્યુ, ‘એ મેરે વતન કે લોગો... ગીત જેમ જેમ આગળ જતું હતું , તેમ તેમ વડાપ્રધાન સહિત ભારત ની તમામ જનતા ની આંખ માથી આંશુઓની ધાર વહતી થઈ ગઈ હતી. લતાજી ને પણ ખબર ના હતી કે શું થઈ રહ્યું છે, અને લાખો રૂપિયાનો ફાળો એકત્ર થઈ ગયો. આ ગીત આજે પણ આપણાં રાષ્ટ્રીય ગીત અને વંદે માતરમ બાદનું દેશ ભકિતનું ગીત બની ગયું છે. બીબીસી એ દુનિયાના ૧૦૦ યાદગાર ગીતો માં આ ગીત ને સ્થાન આપ્યું છે. જે ભારત નું એક માત્ર ગીત છે.

**ઝીંદગી પ્યાર કા ગીત હૈ.. ઈસે હર દિલ કો ગાના પડેગા... ઝીંદગી ગમ કા સાગર ભી હૈ.. હસ કે ઉસ પાર જાના પડેગા..**

લતાજી ૧૯૬૦ ના દસક બાદ તમામ અભિનેત્રી આ માટે એક માત્ર વિકલ્પ ગાયિકા બની ગયા. તેમના પર અમુક વ્યકિતઓએ આરોપ લગાવ્યો કે તેઓ બીજી ગાયિકાઓને આગળ આવવા દેતા નથી, પણ જયારે નિર્માતા નિર્દેશક અને સંગીતકાર થી લઈ અભિનેત્રીઓ પણ લતાજીનો જ આગ્રહ રાખતા હોય તો, તેમાં લતાજી શું કરે ? તેમ છતાં લતાજી એ, ૧૯૬૯ માં ફિલ્મફેર એવાર્ડ માટે તેમને નોમિનેટ કે સિલેકટ ના કરવા વિનંતી કરી, તેમણે કહ્યું કે ફિલ્મી જગત ની નવી ગાયિકાઓ ને પણ એવાર્ડ મળવા જોઈએ, કારણ કે દર વર્ષે જો, સરખામણી બીજી ગાયિકાઓ સાથે થાય તો દર વર્ષે મોટા ભાગે લતાજી ને જ એવાર્ડ મળે, પણ નવી ગાયિકાઓ નો આત્મ વિાસ વધે એટલે નવા એવાર્ડ લેવાની ના કહી હતી તેમને પદ્મભૂષણ, દાદા સાહેબ ફાળકે એવાર્ડ, લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવાર્ડ, પદ્મ વિભૂસન અને ભારતરત્નથી સન્માનીત કરાયા છે. લતાજી ના લીધે જ ગાયકો ને રોયલ્ટી મળી રહી છે. તેમના સમય માં જ

હેમલતા, સુમન કલ્યાણ પૂર, આશાજી, કવિતા કૃષ્ણામૂર્તિ, અનુરાધા પૌડવાલ જેવી ગાયિકાઓ આગળ આવી હતી. તેમના હૃદયમાં કોઈ પ્રત્યે કદી દ્વેષ ના હતો. લતાજી એ પહલું ગીત માત્ર પાંચ વર્ષ ની વયે ગાયું હતું, અને અંતિમ ગીત ૯૦ વર્ષ ની વયે રજૂ કર્યુ હતું, ફિલ્મી સોંગ તેમનું પ્રથમ ૧૯૪૨માં એટલે કે તેર વર્ષની વયે અને ૯૦ વર્ષની વયે, ભારતીય સૈનિકો માટે, ઈંડિયન આર્મી માટે ગીત ૨૦૧૯ માં રજૂ થયું, જેના શબ્દો હતા, ‘સૌગંધ હૈ મુજે ઈસ મિટ્ટી કી લતાજી જો ૯૦ વર્ષે ગીત રજૂ કરી શકતા હોય તો એ વાત હવે સ્વીકારવી જ પડે કે તેઓ કોઈ દિવ્ય શકિત ધરાવતા આત્મા હતા.

રાજુલા તાલુકાના મોરંગી ગામના મહેશભાઈ રાઠોડની કે જેમનું સમગ્ર જીવન લતા દીદી સાથે પસાર થયું લતા દીદીના જીવનકાળમાં એમના જીવન ચરિત્ર તેમજ એમના સમગ્ર સમયમાં એમના સંપૂર્ણ બાબતોના સાક્ષી રહ્યા મહેશભાઈ રાઠોડ આજ દીદીને દિને પ્રણામ કરતાં એટલું ચોક્કસ કહી શકાય કે એ સૌરાષ્ટ્રના એ વ્યકિત પણ કેટલા ભાગ્યશાળી હશે કે જેમણે દીદી સાથે પોતાનું જીવનકાળ પસાર કર્યો આપણે સેજાણીએ છીએ કે દીદી એ એમના જીવનકાળ દરમિયાન સંગીત સાથે સાથે જીવનની સહજતા એમના જીવન સાથે સામાન્ય જીવન જીવવાની લાગણી તેમજ તમામ લોકો સાથે પરિવારની જેમ રહેવાની ભાવનાથી ખૂબ જ સુંદર જીવન પસાર કર્યુ મહેશભાઈએ તાજના સાક્ષી છે કારણ કે કદાચ દીદીના એ અંગત નિર્ણયોના પણ સાક્ષી રહ્યા હશે અને દીદીના વિભિન્ન કાર્યક્રમોથી માંડી દીદી સાથે જોડાયેલી વિભિન્ન બાબતોમાં તેઓ સંપૂર્ણપણે ખૂબ જ વિનમ્રતાથી જોડાયેલા રહેતા આ જ દીદીના પાવન દિવસે એવું કહી શકાય કે મહેશભાઈનું જીવન એ દીદીને સમર્પિત હતું અને આજ દીદીનું ના હોવું એ મહેશભાઈ માટે હૃદયના બહુ મોટા આઘાત સમાન છે જે કહી શકાય.

લતાજી વિષે જો લખવા જઈએ તો એક મહા કાવ્ય ની રચના થઈ જાય, એક કલાકાર તરીખે લતાજી સર્વોતમ હતા, છે અને રહેશે, પણ એક મનુષ્યરૂપે પણ તેઓ સર્વોતમ હતા, તેમના માયાળું અને દાની સ્વભાવ બાબતે આપણે જાણવું હોય તો, અમરેલી ના રાજુલા પાસે ના મોરિંગ ગામ નાવતની અને લતાજી ના સૌથી નજીક ના વ્યકિત એમ કહી એ કે લતાજી ના પડછાયા તો પણ ખોટું નથી કારણ કે ગૂગલ પણ તેમાં સાથ પુરાવે છે, લતા દીદી અને મહેશ ભાઈ ગૂગલ માં ટાઈપ કરો એટલે તેમનો ઈતિહાસ આવી જાય છે, એવા મહેશભાઈ રાઠોડનો સંપર્ક જરૂરી છે. મહેશભાઈ ૨૭ વર્ષ કરતાં પણ વધુ સમય થી લતા દીદી સાથે સંપર્ક માં હતા, લતાજી તેમને ભાઈ માનતા હતા, દર રક્ષાબંધને તેમને રાખડી અચૂક બાંધતા હતા, મહેશભાઈ લતાજી સાથે જ હોય તેથી દેશના વડાપ્રધાન શ્રી મોદી સાહેબ હોય કે ફિલ્મી જગતના નામી કલાકારો, સંગીત નિર્દેશક, નિર્માતા, નિર્દેશક તેમને ઓળખતા ના હોય તેવું બન્યું નથી. મોરારી બાપુ એ તો તેમને લતાજીના શ્રી હનુમાનજી નો ખિતાબ આપી દીધો છે. મહેશભાઈના કહેવાં મુજબ દીદી પરિવાર પ્રેમી હતા, અને ઘરના નોકરો સાથે પણ વાત્સલ્ય પૂર્ણ વ્યહવાર કરતાં હતા, મહેશભાઈ માટે તો તેઓ દીદી કહો કે એક માતા કહો તેટલો પ્રેમ, વાત્સલ્ય લતા દીદી તરફથી તેમને મળ્યો છે. આ લેખ લખવા માટે મને મહેશભાઈએ લતાજીને લગતી અઢળક માહિતી સુપ્રત કરેલ હતી. તેમનો હું આભારી છુ. અમર લતા દીદીને સત સત નમન સહ....

: સંકલન :
મહેશ રાઠોડ–મુંબઈ
મો. ૯૭૬૯૮ ૩૪૦૬૦
હિતેષ જોષી– અમરેલી
મો. ૯૪૨૭૨ ૩૦૫૦૬

# અમરેલી ખાતે રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ અને વિજ્ઞાન નાટયોત્સવ સફળતા સાથે સંપન્ન



ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી(ગુજકોસ્ટ), ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાતની સુચના અને માર્ગદર્શન તળે ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન મ્યુઝિયમ અને બાલ ભવન, અમરેલી દ્વારા જિલ્લા કક્ષાનાં રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ પ્રતિયોગિતા અને વિજ્ઞાન નાટયોત્સવ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન(ડાયટ), બી.આર.સી. ભવન તથા કોટક લો કોલેજ, અમરેલી ખાતે તા. ૨૩/૯/૨૦૨૩નાં રોજ ભવ્ય સફળતા સાથે સંપન્ન થયો. ડી.ઈ.ઓ., ડી.પી.ઓ. મિયાણી, ડેપ્યુ. ડી.પી.ઈ.ઓ. સોલંકી, શિક્ષણ નિરિક્ષક લતાબેન ઉપાધ્યાયનાં માર્ગદર્શન તળે ડાયટનાં પ્રાચાર્ય ડો. દક્ષાબેન પાઠકની અધ્યક્ષતા સાથે ગુજકોસ્ટ ઓબ્ઝર્વર ડો. વિભાબેન વૈષણ, ઈલેકટ્રોનિક ડીપાર્ટમેન્ટ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, પ્રોફે. નિલેષભાઈ ચાંપાનેરી, લબ્ધપ્રતિષ્ઠિત ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી, મનિષભાઈ દવે, સંજયભાઈ રામાણી, ડો. એમ.કે. ગોંડલીયા, પ્રો.ડો. વી.એન. પટોળીયા, પ્રો.ડો. જી.બી. વાઢેર, વાસુદેવભાઈ સોઢા, ગુણવંતભાઈ જોષી, બી.આર.સી. કુલદીપભાઈ દેવમુરારી, દિલીપભાઈ દેવમુરારી, પાર્થભાઈ તેરૈયા, વિપુલભાઈ ચાવડા, ટી.જી. માંડલીયા, અજયભાઈ માઢક, યોગેશભાઈ કાવઠીયા, જીજ્ઞેશભાઈ રૈયાણી, વિપુલભાઈ ભટ્ટ, અલ્પાબેન ખીમાણી, બાલારામ પાટીદાર, ચેતનભાઈ પાઠક તથા શાળાનાં આચાર્યો અને શિક્ષકોની વિશેષ ઉપસ્થિતિમાં દિપપ્રાગટય દ્વારા કાર્યક્રમનો શુભારંભ થયેલ. જિલ્લાની વિવિધ શાળાઓનાં બાલ વિજ્ઞાનિકોએ સંશોધનાત્મક પ્રેજન્ટેશન અને વિજ્ઞાન નાટકોની અભિવ્યકિત પ્રદાન કરી ગુજકોસ્ટ વિજ્ઞાનાનોત્સવને રમણિતા પ્રદાન કરી હતી. કાર્યક્રમોનાં નિર્ણાયકો દ્વારા રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન પરિષદ પ્રતિયોગિતામાં પસંદગી પામેલ દીવ્યરાજ કડેવાલ, ઈશ્વરીયા પ્રા. શાળા, હેત્વી રાછડીયા, ખજુરી પ્રા. શાળા, ઈશીકા શિરોયા, આંબા પ્રા. શાળા, ખુમાર અલ્ફીના, રાજુલા કન્યા શાળા–૩, કરડ વિશ્વા, ભીલડી પ્રા. શાળા, દેવાંગ ઉપાધ્યાય, મોટા ઝીંજુડા પ્રા.શાળા, વંશ રાવત, આદિત્ય બીરલા પબ્લીક સ્કૂલ, કોવાયા, કોટડીયા રીધમ, કલાપી વિનય મંદિર, લાઠી કરડવંશી, ભીલડી પ્રા.શાળાનાં વિદ્યાર્થીઓ રાજય કક્ષાની એન.સી.એસ.સી. પ્રતિયોગિતામાં સહભાગી બનશે. જયારે રાષ્ટ્રીસય વિજ્ઞાન નાટકમાં ગોઢાવદર પ્રા.શાળા, રાજુલા કન્યા શાળા–૩ અને તાલાળી પ્રા. શાળા પસંદગી પામેલ જે પૈકી પ્રાચાર્ય ડો. દક્ષાબેન પાઠક(ડાયટ), પ્રિન્સીપાલ ડો. જે.વી. ભગત(કોટક લો કોલેજ) પ્રોફે. નિલેશભાઈ ચાંપાનેરી(ડાયટ) તથા બી.આર.સી. કુલદીપભાઈ દેવમુરારી (બી.આર.સી.ભવન) દ્વારા જિલ્લા કક્ષાનાં વિજ્ઞાન મહોત્સવનાં યજમાનપદ સ્વીકારવા બદલ આભાર વ્યકત કરવામાં આવેલ. સંસ્થાનાં મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા, ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## વડિયામાં બપોર બાદ

તેના ગ્રામીણ વિસ્તારના વાતાવરણમાં એકાએક પલટો આવતો જોવા મળ્યો હતો. જેમા બપોર બાદ ભારે પવન અને ગાજ વીજ અને વીજળીના કડાકા સાથે મેઘરાજાનું ધમાકેદાર આગમન થતા વડિયા માં વરસાદ સાથે વૃક્ષ પણ હિલોડે ચડયા હતા. અને એકાએક વરસાદ આવતા સમગ્ર વિસ્તાર પાણી પાણી બન્યો હતો આ વરસાદ ૫:૩૦ સુધીમાં અડધો ઈંચ જેટલો નોંધાયો હતો. વડિયાએ ખેતી આધારિત વિસ્તાર હોવાથી કપાસના પાકને સિંચાઈનુ પાણી મળતા તેને કયાંક ફાયદો તો ભારે પવનથી જીંડવા ખરી જવાથી અને મગફળીના તૈયાર પાકના પથરા પર વરસાદ વરસતા ખેડૂતોને મોઢે આવેલો કોળિયો છીનવાયો હોય તેવી સ્થિતિ જોવા મળી હતી. વરસાદ વરસતા સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલીનાં રીલાયન્સ કંપનીનાં સ્માર્ટ બજારમાં

એટલે કે રિલાયન્સની છેતરપિંડી ગણાય. આ વસ્તુના નાણાં પરત ન આપતાં ગ્રાહકે તે મોલ પર જઈને એક લેખિત ફરિયાદ આપી હતી. પરંતુ સંચાલકોએ આ ફરિયાદ પણ સ્વીકારવાની ના પાડી હતી. પછી સંચાલકો સામે જ ગ્રાહકે તેના મોલના પગથિયે તે ગોળને છોડી દીધો હતો. તેની લેખિત સ્વરૂપમાં ફરિયાદ મોલના સંચાલકોએ ન સ્વીકારવા છતાં પણ ત્યાં મુકી દીધી હતી.

આ પ્રકારની હરકતથી સમગ્ર ગુજરાત–સૌરાષ્ટ્રના વિકસી રહેલાં મોલ કલ્ચરની સામે અખાદ્ય વસ્તુઓનુ વેચાણ તથા બાંહેધરીની ગુણવત્તાના પ્રશ્નો ઊભા થયાં છે. નાના દુકાનદારોને મદદરૂપ બનવાને બદલે કોઈ મોલમાંથી વસ્તુ ન ખરીદવી જોઈએ તેવી અપીલ ગ્રાહક સુરક્ષા મંડળો દ્વારા કરવામાં આવી રહી છે. આ અંગેની ફરિયાદ નગરપાલિકા અને ગ્રાહક સુરક્ષા અદાલતને કરવામાં આવી છે અને આ મોલ સામે કાયદેસરના પગલાં ભરવા માટે ગ્રાહકે વિનંતી કરી છે. ફોજદારી પગલાં ભરવાની શકયતાઓ પણ તપાસાઈ રહી છે.

## અવસાન નોંધ

**અમરેલી :** લલીતાબેન હસમુખભાઈ વ્યાસ(ઉ.વ.૬૪) તે હસમુખભાઈ લાભશંકરભાઈ વ્યાસનાં ધર્મપત્નિ રીટાર્યડ ટ્રેઝરી કર્મચારી તથા રાજુભાઈ હસમુખભાઈ વ્યાસ(ચોલા ફાઈનાન્સ) તથા દિપ્તીબેન હેમાંશુકુમારનાં માતુશ્રી બિપીનભાઈ રસીક ભાઈ વ્યાસ તથા વિનેશ આર. વ્યાસ(હરભોલે)નાં કાકીનું તા. ૨૭/૯/૨૩નાં રોજ અવસાન થયેલ છે.


## સંકુલ ફાર્મસી કોલેજ – વેકેન્ટ સીટ પ્રવેશ

પ્રથમ વર્ષ ડિગ્રી ફાર્મસી અભ્યાસક્રમમાં વર્ષ ૨૦૨૩ – ૨૪
વેકેન્ટ સીટ પ્રવેશ માટેનો કાર્યક્રમ

| ક્રમ | તારીખ | વિગત |
|---|---|---|
| ૧ | ૨૮/૦૯/૨૩ થી ૧૦/૧૦/૨૩ | સંસ્થા ખાતે પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી |
| ૨ | ૧૧/૧૦/૨૦૨૩ | મેરીટ લીસ્ટ નોટીસ બોર્ડ અને વેબસાઈટ પર પ્રસિદ્ધ |
| ૩ | ૧૪/૧૦/૨૦૨૩ | સંસ્થા ખાતે કાઉન્સીલીંગ વેકેન્ટ એડમીશન પ્રક્રિયા |

★ શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત–સંચાલીત ★
★ શ્રીમતી સી. વી. ગજેરા ફાર્મસી મહિલા કોલેજ ★
★ સ્થળ:– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ , અમરેલી Ad064


## સા.કુંડલા : સદ્દભાવના ગૃપ દ્વારા દાદાને ચલણી નોટોનો શણગાર



સાવરકુંડલા, તા. ૨૭

સદ્દભાવના ગૃપ સાવરકુંડલા દ્વારા આયોજીત ગણેશ મહોત્સવમાં ગણપતિ દાદાને રૂપિયા ૨૧ લાખની ચલણી નોટોનો શણગાર કરાયો. આમા રૂપિયા ૨૦ થી લઈ ૫૦૦ સુધીની ચલણી નોટોનો શણગાર કરાયો હતો.

## મોટા સમઢીયાળા ખાતે મકાન ખાલી કરાવા બાબતે બઘડાટી

અમરેલી, તા. ૨૭

ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે રહેતા કમળાબેન લાલજીભાઈ સુખડીયાનાં દિકરા ભાવેશનાં લગ્ન સાવરકુંડલા તાલુકાનાં ગાધકડા ગામના વતની અને હાલ ખાંભા તાલુકાના મોટા સમઢીયાળા ગામે વલ્લભભાઈ રાદડીયાની દિકરી ગુલાબબેન સાથે આજથી આશરે એકાદ વર્ષ પહેલા કોર્ટમાં લગ્ન થયેલા અને બાદ લગ્ન જીવન સારૂ ન ચાલતા ભાવેશભાઈએ અમરેલી કોર્ટમાં છુટાછેડાનો કેસ દાખલ કરેલો. કમળાબેનને તથા ભાવેશભાઈને ઘરમાંથી બહાર કાઢી મુકેલા હતાં. ગત તા.૨૨ નાં રોજ કોર્ટ દ્વારા છુટાછેડા મંજુર થઈ જતા કમળાબેન અન્ય લોકો બધા તેમના મોટા સમઢીયાળા ગામે રહેણાંક મકાને ગયેલા અને આ આરોપી ગુલાબબેનને મકાન ખાલી કરવાનુ કહેતા તેણી એકદમ ઉશ્કેરાઈ જઈ જેમ ફાવે તેમ ગાળો આપવા લાગેલ અને ગાળો દેવાની ના પાડતા તેણી વધુ ઉશ્કેરાઈ જઈ અને કહેવા લાગેલ કે આ ઘર હું ખાલી નથી કરવાની તેમ કહી કહેવા લાગેલ કે આ ઘર અંદર પગ મુકયો છે તો તને પતાવી દઈશ એમ કહી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૨ | ૧૪૪૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૯૨ | ૧૪૪૬ |
| ૩ | શિંગદાણા | ૧૦૦૦ | ૧૮૬૫ |
| ૪ | તલ સફેદ | ૨૧૦૦ | ૩૨૭૦ |
| ૫ | તલ કાળા | ૨૫૮૦ | ૩૪૦૧ |
| ૬ | બાજરો | ૩૩૭ | ૪૧૩ |
| ૭ | જુવાર | ૫૮૫ | ૯૬૫ |
| ૮ | ઘંઉ ટુકડા | ૪૫૦ | ૬૦૪ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૦ | ૫૫૬ |
| ૧૦ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૧ | મગ | ૧૫૫૦ | ૧૮૦૧ |
| ૧૨ | અડદ | ૧૭૫૭ | ૨૨૧૫ |
| ૧૩ | ચણા | ૭૧૦ | ૧૨૭૧ |
| ૧૪ | ચણા દેશી | ૧૧૩૪ | ૧૨૬૩ |
| ૧૫ | તુવેર | ૧૨૭૫ | ૨૦૫૦ |
| ૧૬ | કપાસ | ૯૭૦ | ૧૫૯૨ |
| ૧૭ | એરંડા | ૧૦૧૦ | ૧૧૭૦ |
| ૧૭ | ધાણા | ૧૦૬૬ | ૧૨૬૧ |
| ૧૯ | મેથી | ૯૯૦ | ૧૧૨૦ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૯૦૪ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૬૦ | ૧૫૬૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૧૭ | ૩૩૩૩ |
| ૩ | મગ | ૧૬૦૯ | ૨૦૧૧ |
| ૪ | અડદ | ૧૫૨૫ | ૧૭૭૫ |
| ૫ | ઘઉં | ૪૩૨ | ૫૨૮ |
| ૬ | ચણા | ૯૦૬ | ૧૧૬૪ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૨ | શીંગ મોટી | ૧૨૦૦ | ૧૪૫૦ |
| ૩ | તલ સફેદ | ૩૦૦૦ | ૩૨૪૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૩૨૮૦ |
| ૫ | કપાસ | ૧૪૦૦ | ૧૫૮૨ |
| ૬ | કપાસ નવો | ૧૧૦૦ | ૧૪૬૭ |
| ૭ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૩૨૫ | ૪૦૦ |
| ૧૦ | જુવાર | ૫૫૧ | ૯૦૧ |
| ૧૧ | મકાઈ | ૪૫૧ | ૬૩૦ |
| ૧૨ | અડદ | – | ૧૭૬૧ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૪ | તુવેર | ૧૭૩૦ | ૨૦૨૧ |
| ૧૫ | મેથી | ૧૦૬૫ | ૧૩૭૦ |
| ૧૬ | રાય | ૧૨૫૦ | – |
| ૧૭ | ધાણા | ૧૦૦૦ | ૧૨૫૨ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૩૪૦ |
| ૨ | ચણા | ૧૦૭૦ | ૧૦૭૦ |
| ૩ | મગ | ૧૬૫૧ | ૧૬૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૫૩૫ |
| ૨ | ચણા | ૯૭૧ | ૧૧૬૩ |
| ૩ | અડદ | ૧૫૧૦ | ૧૮૦૧ |
| ૪ | અજમા | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૯૯૯ |
| ૬ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૨૧ |
| ૭ | બાજરો | ૩૮૧ | ૩૮૧ |
| ૮ | મગફળી | ૭૦૫ | ૧૨૭૦ |
| ૯ | તુવેર | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૧૦ | ધાણા | ૯૪૯ | ૧૧૬૩ |
| ૧૧ | તલ સફેદ | ૧૯૦૦ | ૩૨૩૫ |
| ૧૨ | સોયાબીન | ૬૫૧ | ૬૫૧ |
| ૧૩ | મગ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૫ | મેથી | ૧૦૪૦ | ૧૦૪૦ |
| ૧૬ | મકાઈ | ૫૨૫ | ૫૨૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૨૦ | ૧૪૧૫ |
| ૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૩ | ઘઉં | ૪૮૨ | ૪૯૧ |
| ૪ | ચણા | ૯૫૦ | ૧૧૪૫ |
| ૫ | ધાણા | ૧૦૦૫ | ૧૦૦૫ |
| ૬ | તુવેર | ૧૬૦૧ | ૧૬૦૧ |
| ૭ | અડદ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૮ | સોયાબીન | ૮૭૫ | ૮૭૫ |
| ૯ | શીંગફાડા | ૧૫૦૦ | ૧૫૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૮ | ૯૦૮ |
| ૨ | તલ સફેદ | ૩૨૫૦ | ૩૨૭૦ |
| ૩ | કપાસ | ૯૦૦ | ૧૫૪૧ |
| ૪ | બાજરો | ૩૦૦ | ૪૩૧ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૦ | ૫૭૦ |
| ૬ | જુવાર | ૫૪૮ | ૧૧૨૫ |
| ૭ | મકાઈ | ૬૬૧ | ૬૬૧ |
| ૮ | મગ | ૧૯૦૦ | ૧૯૦૦ |
| ૯ | ચણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૫૫૦ | ૧૫૫૦ |
| ૧૧ | રાજગરો | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

# બગસરા ખાતે સૌરાષ્ટ્રના ૧૫૦ થી વધુ સનાતન ધર્મનાં સાધુ–સંતોનું સંમેલન સાથે ધર્મસભા યોજાઈ




બગસરામાં રામદેવપીર મંદિર ખોત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સનાતન ધર્મનાં સાધુ સંતો ઉપસ્થિત રહયા હતા. જેમાં સમગ્ર સાધુ સંતો સંમેલન મળ્યું હતું. જેમાં ધર્મ સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. તેમાં ત્યારબાદ સમગ્ર સનાતન ધર્મનાં સાધુ – સંતોએ મહાપ્રસાદ લીધો હતો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગૌ સેવક હરેશભાઈ ગોયાણી તથા સાપર કના ભુવાનું આશ્રમ મીરાદાસબાપુ તથા રામદેવપીરનાં મહંત ધુસ્સા ભગત દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શિવલાલ ઠુમરે કર્યુ હતું. તસ્વીર : સમરી વિરાણી–બગસરા

### પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડની રજૂઆત

# અમરેલીની ડેરી સાયન્સ કોલેજમાં પીએચડીની બંધ થયેલ વ્યવસ્થા શરૂ કરો

### રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો





અમરેલી, તા. ૨૭

પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉઘાડે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર ડેરી સાયન્સ કોલેજ આવેલ છે. જેમાં પી.એચ.ડી. માટે ત્રણ વિદ્યાર્થીઓ માટે પી.એચ.ડી. કરવાની વ્યવસ્થા હતી.

પરંતુ હાલ પી.એચ.ડી. કરવા માટેની વ્યવસ્થા બંધ કરવામાં આવેલ છે. અને આ બાબતે વિદ્યાર્થીઓ અને વાલીઓ તરફથી પી.એચ.ડી. માટેની ત્રણ સીટ હતી. જે ફરી શરૂ કરવા માટેની રજૂઆત કરવામાં આવેલ છે. જેથી આ વિસ્તારનાં વિદ્યાર્થીઓને ગુજરાત, ગુજરાત બહાર કે પછી વિદેશમાં નવા સંશોધન અને નોકરીમાં ઉચ્ચ હોદ્દા પર નોકરીની તક મળી શકે તો અગાઉ જે પ્રકારે પી.એચ.ડી.ની ત્રણ સીટ હતી. તે ફરી મંજુર કરી શરૂ કરવા અંતમાં માંગ કરેલ છે.

### શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજયાએ વેંચાણ ઝડપાયું

# અમરેલીનાં જુદા-જુદા વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે તમાકુની બનાવટોનું વેંચાણ કરનાર સામે કાર્યવાહી

### જવાબદાર વિભાગે જુદા જુદા ૮ કેસ કરી રૂપિયા ૧૩૦૦ નો દંડ વસુલ્યો

અમરેલી, તા. ૨૭

તમાકુ અધિનિયમન-૨૦૦૩ કાયદાની અમલવારી અને જન જાગૃતિ માટે જિલ્લામાં એન્ફોર્સમેન્ટ સ્કવોડ દ્વારા વખતો વખત કામગીરી કરવામાં આવે છે. દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓની ૧૦૦ વારની ત્રિજયમાં તમાકુની બનાવટોનું વેચાણ કરતા લારી ગલ્લાઓ, જાહેર સ્થળોએ તમાકુની બનાવટોને સેવન કરનાર, ઈ-સિગારેટનું વેચાણ સંગ્રહ અને ઉપયોગ કરનાર, તમાકુની બનાવટોની પ્રત્યક્ષ કે પરોક્ષ જાહેરાત આપનાર, નિર્દિષ્ટ આરોગ્ય વિષેયક ચિત્રાત્મક ચેતવણી વિના તમાકુની બનાવટોનું વેંચાણ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવી હતી. તમાકુ નિયંત્રણ સેલ, આરોગ્ય શાખા, પોલીસ વિભાગ, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ, એસ.ટી. વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, નાયબ માહિતી નિયામકની કચેરી દ્વારા સંયુકત રીતે કરવામાં આવતી કામગીરી હેઠળ એન્ફોર્સમેન્ટ સ્કવોર્ડ દ્વારા અમરેલી શહેરનાં સ્ટેશન રોડ, કોલેજ સર્કલ, એસ.ટી.ડેપો, નાગનાથ બસ સ્ટેન્ડ તથા રાજકમલ ચોક, જિલ્લા પંચાયત રોડ, માર્કેટિંગયાર્ડ વિસ્તારમાં તમાકુ નિયંત્રણ અધિનિયમન-૨૦૦૩ની વિવિધ કલમો હેઠળ વેંચાણ કરતા લોકો સામે કુલ ૮ કેસમાં રૂા.૧૩૦૦નો દંડ કરવામાં આવ્યો છે. તેમ નોડલ ઓફિસર (ટોબેકો કંટ્રોલ)-વ-મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પંચાયત, અમરેલીએ એક યાદીમાં જણાવ્યું છે.

### સર સંઘ સંચાલક દલિત વસ્તીમાં જવાનો આગ્રહ કરે છે ત્યારે

# ભાજપ, વિહિપ, બજરંગ દળ દલિતોને હિંદુ સમજે છે ? : રાણવા

### બહુજન આર્મીનાં પ્રમુખનો વેધક પ્રશ્ન



અમરેલી, તા. ૨૭

સંઘ સર સંચાલક મોહન ભાગવતે દલિત વસ્તીમાં જવાનો કાર્યકરોને આદેશ કર્યો પણ તમે, ભાજપ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ દલિતો, આદિવાસીઓને હિન્દુ ગણો છો? તો જાહેર કરો તેવી માંગણી કરતાં બહુજન આર્મીનાં પ્રમુખ શાંતિલાલ રાણવા. આર.એસ.એસનાં વડા મોહન ભાગવતજીએ સંઘનાં કાર્યકરોને દલિત વસ્તીમાં જઈને અપનાવી હાકલ કરીએ સારી વાત છે પણ આ માત્ર ચૂંટણી સ્ટંટ તો નથી ને ? શું સંઘ, ભાજપ, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગ દળ, શંકરાચાર્યો વિ. હિન્દુધર્મનાં ધુરંધરો આ દેશનાં મૂળ નિવાસી એવા દલિતો અને આદિવાસીઓને હિન્દુ તરીકે સ્વીકારવા તૈયાર છે ? હિન્દુ તરીકે ગણતા હો તો દલિતો, આદિવાસીઓ ઉપર થતાં અત્યાચારો બંધ કરવા જાહેર અપીલ કરો અને જાહેર કરો કે આ લોકો આપણા ભાઈઓ છે. તેમની સાથે કોઈએ અસ્પૃશ્યતા રાખવી નહિ. અને હિન્દુ તરીકે જ તેમનું ધ્યાન રાખવામાં આવશે. તેવી જાહેરાત કરીને વાસ્તવમાં અમલ કરો તેવી માંગણી હિન્દુ ધર્મનાં તમામ આગેવાનોને શાંતિલાલ રાણવાએ વિનંતી કરેલ છે. તેમ તેની યાદીમાં જણાવવામાં આવેલ છે.

# બાબરા : કે.પી. આશરા ગર્લ્સ હાઈસ્કૂલમાં ગણેશ મૂર્તિ સર્જન સ્પર્ધા યોજાઈ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૭

બાબરા કેળવણી મંડળ સંચાલિત કે.પી. આશરા ગર્લ્સ હાઈસ્કૂલ-બાબરામાં હાલ ચાલી રહેલા ગણેશ મહોત્સવ નિમિત્તે ઈકો ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિ સર્જન હરિફાઈનું આયોજન તા. ૨૫/૯/૨૩નાં રોજ કરવામાં આવેલ.

જેમાં શાળાની વિદ્યાર્થીની બહેનોએ વિઘ્નહર્તા ગણપતિની મનોહર મૂર્તિઓ બનાવી હતી. માટી, પણો, કૂશ વિવિધ પર્યાવરણીય ચીજોનો ઉપયોગ કરી ઈકો ફ્રેન્ડલી ગણપતિ બનાવી વિદ્યાર્થીનીઓએ તેમાં રહેલી સર્જનાત્મક શકિતનાં દર્શન કરાવ્યા હતા. જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ ક્રમે ગોસાઈ આયુષી એમ. દ્વિતિય ક્રમે પલાણ પ્રિયાંશી જે તૃતિય ક્રમે સાકસુસરા માહિ એચ. વિજેતા થયેલ.

સ્પર્ધાનું માર્ગદર્શન શાળાનાં નવનિયુકત આચાર્યા સોનલબેન વી. અગ્રાવતે માર્ગદર્શન શાળાનાં નવનિયુકત આચાર્યા સોનલબેન વી. અગ્રાવતે આપેલ. સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે શાળાનાં શિક્ષકોએ સેવા આપેલ.

### વર્લ્ડ હ્યુમેનિટેરિયન ડ્રાઈવ (WHD) તરફથી

# સાવરકુંડલાના ભાજપ અગ્રણી સુરેશ પાનસુરીયાને અને ડો. રોહિતકુમાર ભાલાળાને માનવતાવાદી પુરસ્કાર એનાયત

### (UAE) માં બુર્જ ખલીફા બિલ્ડીંગમાં એવોર્ડ એનાયત કરવામાં આવ્યો







સાવરકુંડલા, તા. ૨૭

સેવાભાવી ડો. રોહિતકુમાર ભાલાલાએ રોગચાળા દરમિયાન MOVIYA ગુજરાત ખાતે તેમના પોતાના ગામમાં તમામ પાયાની સુવિધાઓ સાથેની એક વિશેષ કોવિડ કેર હોસ્પિટલની સ્થાપના કરી અને મોવિયા ગામના સાથી રહેવાસીઓ અને આસપાસના સમુદાયોને વિનામૂલ્યે સેવા આપી. સુરેશભાઈએ રોગચાળા દરમિયાન અમરેલી ગુજરાતમાં સેવા આપી હતી અને સમુદાયોને મફત ઓકિસજન કીટ,ઓક્સિજન સિલિન્ડર, હોસ્પિટલમાં દાખલ કરવા અને ખોરાક - દવાનો પુરવઠો પૂરો પાડ્યો હતો.ચક્રવાત ટેકતા દરમિયાન કચ્છ ગુજરાતમાં ખોરાકનો પુરવઠો.

આ પ્રતિષ્ઠિત એવોર્ડ સમારોહ દુબઈ, UAEમાં બુર્જ ખલીફા બિલ્ડીંગમાં WHOના સ્થાપક અધ્યક્ષ ડો.અબ્દુલ બાસિત સૈયદ FRSAની હાજરીમાં યોજાયો હતો.

વર્લ્ડ હ્યુમેનિટેરિયન ડ્રાઈવ (ડબ્લ્યુએચડી) ની 'ઓનરીંગ ધ ઓનરેબલ' પહેલના ભાગરૂપે,સ્થાપક ડો.અબ્દુલ બાસિત સૈયદે જણાવ્યું હતું કે 'ગ્લોબલ હ્યુમેનિટેરિયન એવોર્ડ્સ-૨૦૨૩ 'લોકપ્રિય પુરૂષો અને મહિલાઓને સન્માનિત કરવા માટે કંઈક છે, જેમણે વધુ સારા માટે નિઃસ્વાર્થ પણે કામ કર્યુ છે.સમાજ અને વિ UN સાથે WHD'S કન્સલ્ટેટિવ સ્ટેટસ તેમને ECOSOC તેની પેટાકંપની સંસ્થાઓ,માનવ અધિકાર પરિષદ,અમુક જનરલ એસેમ્બલી સત્રો,અન્ય આંતરસરકારી સંસ્થાઓ અને UN સચિવાલય સાથે સક્રિયપણે ક્રિયા પ્રતિક્રિયા કરવાની સત્તા આપે છે. આ દરજજો એવા NGO ને આપવામાં આવે છે કે જેઓ ECOSOC દ્વારા આવરી લેવામાં આવતી પ્રવૃત્તિના કેટલાક ક્ષેત્રોમાં વિશેષ સક્ષમતા ધરાવે છે અને ખાસ કરીને સંબંધિત છે.યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલમાં ૫૪ સભ્ય દેશો છે જે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા ત્રણ વર્ષની મુદત માટે ચૂંટાય છે.

વર્લ્ડ હ્યુમેનિટેરિયન ડ્રાઈવ (WHO) એક આંતરરાષ્ટ્રીય એનજીઓ છે જે ઘણા દેશોમાં કાર્યરત છે, જેની સ્થાપના બ્રિટિશ ભારતીય વૈશ્વિક શાંતિ કાર્યકર્તા,ઉદ્યોગ સાહસિક, લેખક, ડો.અબ્દુલ બાસિત સૈયદ FRSA દ્વારા કરવામાં આવી છે, જેઓ WHDના સ્થાપક અધ્યક્ષ છે. હાલમાં તેઓ યુનાઈટેડ નેશન્સ ઈકોનોમિક એન્ડ સોશિયલ કાઉન્સિલ (ECOSOC)નો વિશેષ સલાહકાર દરજજો ધરાવે છે.

WHDનું પ્રાથમિક દ્રષ્ટિકોણ વૈકિ સ્તરે શાંતિ, શિક્ષણ અને વેપાર સંવાદિતા પહેલને પ્રોત્સાહન આપવાનું છે.

WHD કાર્યક્રમ, કાર્યક્રમો, પહેલ ખાસ કરીને મહિલાઓ, યુવાનો, સૌથી વધુ સંવેદનશીલ અને લઘુમતી વસ્તીના ઉત્થાન પર કેન્દ્રિત છે. ' WHD'એ વિવિધ વૈશ્વિક પહેલો અને માનવતાવાદી પ્રવૃત્તિઓ દ્વારા શાંતિ, શિક્ષણ અને વેપાર સંવાદિતાને પ્રોત્સાહન આપવા માટે વિશ્વભરના વિવિધ વિશ્વ નેતાઓ, સરકારો અને સંસ્થાઓ સાથે સહયોગ કરીને ધ્યેય હાંસલ કરવા માટે નોંધપાત્ર પ્રગતિ કરી છે.

# દામનગર, એએસઆઈ બનેલ લતા પરમાર ઉપર અભિનંદન વર્ષા



દામનગર, તા. ૨૭

ટેકનીકલ ભરતી બોર્ડ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની કરવામાં આવેલ ભરતીમાં અમરેલીનાં રીટાયર્ડ પી.એસ.આઈ. ડી.બી.પરમારની દિકરી લતા ડી.પરમાર ગુજરાત પોલિસમાં એ.એસ.આઈ. (ટી.ઓ.) તરીકે નિમણુંક પામેલ છે. પોતાની નીડર અને હોનહાર પુત્રી ગુજરાત પોલિસ દળ માં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (ટી.ઓ.)ની કેડરમાં ગૌરવનું સ્થાન પ્રાપ્ત કરતા સમગ્ર પરિવાર અને શુભેચ્છકોએ હર્ષ અને ગૌરવની લાગણી વ્યકત કરી હતી. ધર્મેશ પરમાર, કનુભાઈ પરમાર, રવિભાઈ પરમાર,દિલીપ પરમાર, કિશન પરમાર વગેરેએ અભિનંદન આપી ઉતરોતર પ્રગતિની શુભેચ્છાઓ પાઠવી હતી.

# ચિતલ ખાતે આયુષ્યમાન ભવઃ અંતર્ગત રકતદાન કેમ્પ યોજાયો



દામનગર, તા. ૨૭

ટેકનીકલ ભરતી બોર્ડ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા વિવિધ તાંત્રિક સંવર્ગોની કરવામાં આવેલ ભરતીમાં અમરેલીનાં રીટાયર્ડ પી.એસ.આઈ. ડી.બી.પરમારની દિકરી લતા ડી.પરમાર ગુજરાત પોલિસમાં એ.એસ.આઈ. (ટી.ઓ.) તરીકે નિમણુંક પામેલ છે. પોતાની નીડર અને હોનહાર પુત્રી ગુજરાત પોલિસ દળમાં આસીસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (ટી.ઓ.)ની કેડરમાં ગૌરવનું સ્થાન પ્રાપ્ત કરતા સમગ્ર પરિવાર અને શુભેચ્છકોએ હર્ષ અને ગૌરવની લાગણી વ્યકત કરી હતી. ધર્મેશ પરમાર, કનુભાઈ પરમાર, રવિભાઈ પરમાર,દિલીપ પરમાર, કિશન પરમાર વગેરેએ અભિનંદન આપી ઉતરોતર પ્રગતિની શુભેચ્છાઓ પાઠવી હતી.

### નજીકમાં શાળા હોય નાના બાળકો ઉપરનું જોખમ દુર કરો

# જાફરાબાદમાં એસ.બી.આઈ સામે આવેલ ટ્રાન્સફોર્મરને સુરક્ષિત કરો

### ઉચ્ચ અધિકારીએ ગંભીરતા દાખવવી જોઈએ



તસ્વીર : ભરત બારૈયા-જાફરાબાદ

જાફરાબાદ, તા.૨૭

જાફરાબાદ એસબીઆઈ સામે આવેલ પિજીવીસીએલની ટ્રાન્સફોર્મર ફરતે મારેલું સેફટી ગાડ વેરવિખેર હોય ખુલ્લી ટીસીમાં કોઈ બાળક રમતું રમતું ટીસીની અંદર પ્રવેશી જાય અને કોઈ એવો બનાવ બન્યો તો જવાબદારી કોની ? બાજુમાં જ પોલીસ ચોકી આવેલ હોય તેની નજીક એસબીઆઈ આવેલ હોય આ બેંકમાં ગ્રામ્ય વિસ્તારમાંથી મોટી સંખ્યામાં લોકો બેંકના કામકાજ માટે આવતા હોય અને તેમની સાથે બાળકો પણ હોય કોઈ કારણસર બાળક તેમાં પ્રવેશ કરે અને કોઈ જાનહાનિ થઈ તો જવાબદારી કોની? આ ટીસી મેન રોડ આવેલ હોય મોટી સંખ્યામાં નાગરિકોની અવર જવર હોય આ ખુલ્લી ટીસી કોઈ નો ભોગ લે તે પહેલા પીજીવીસીએલ દ્વારા સેફટી ગાટ ફીટ કરી ઝળુંબતુ ખુલ્લા જોખમને ફરતે સેફટી ગાડ મારી જનતા મુક્ત પણે જઈ શકે જાહેર માર્ગની બાજુમાં જ ઈલેકટ્રીક પોલ ટીસી હોય તેની નજીકમાં સ્કુલ આવેલી હોય મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓનું આ જાહેર રોડ ઉપરથી પસાર થતા હોય અને કોઈ અનહોની ઘટશે તો જવાબદારી કોની? ટિસીની બાજુમાં આવતી ફીયુઝ પેટીઓ હોય કાયેદેસર લોકો સામે મોત ઝળુંબતુ હોય નાના ભુલકાઓ તથા નાગરિકો તથા પશુઓ અવર જવર કરતા હોય ન છુટકે કોઈ વ્યક્તિ કે બાળકોનો ભોગ લેવાયો તો જવાબદાર કોણ ? ઘણી ખરી ટિસી બાજુમાં સેફટી ગાડ પણ હોતું નથી ત્યાં પણ ખુલ્લું મોત ઝળુંબતુ હોય કોઈ નાગરિકનો તથા બાળકો તથા પશુઓનો ભોગ લેવાયો તો જવાબદારી કોની ? માટે પિજીવીસીએલ તરફથી આ કામગીરી કયારે પૂર્ણ કરવામાં આવશે કે પછી બેહેરા કાને અવાજ અથડાછે ? આ બાબતે જાફરાબાદ પીજીવીસીએલ અસરકારક પગલાં લેશે ?

### સ્થાનિક યુવક મંડળો દ્વારા ઉમદાકાર્ય

# બાબરા ખાતે આસ્થા અને ઉત્સાહભેર ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી

### મહાપ્રસાદ, અન્નકુટ, મહાઆરતી સહિતનાં કાર્યક્રમો યોજાયા



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૨૭

બાબરામાં વસાવડ રોડપર આવેલ રાધેશ્યામ સ્પીનિગ મિલમાં સ્ટાફ દ્વારા ભગવાન ગણેશ ની સ્થાપના કરી ગણેશ ઉત્સવની ભવ્ય અને દિવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે અહીં ભગવાન ગણેશને ૫૬ ભોગનો અન્નકૂટ ધરવામાં આવ્યો હતો અને તેના દર્શન અને મહાપ્રસાદનો લાભ સ્ટાફ દ્વારા મેળવી ધન્યતા અનુભવી હતી.

આ સિવાય બાબરામાં શિવાજી ચોક,પારેખ મેડિકલ પાસે, હરિઓમ નગર, સહિતના વિસ્તારોમાં પણ ભગવાન ગણેશની સ્થાપના કરી ગણેશ ઉત્સવ આરાધના કરવામાં આવી રહી છે.અહીં પારેખ મેડિકલ પાસે નવ ચેતન મિત્ર મંડળ દ્વારા વર્ષોથી ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે તેમજ બપોરે મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવે છે જેનો લાભ શહેરના લોકો મોટી સંખ્યામાં મેળવી ધન્યતા અનુભવે છે તેમજ શિવાજી ચોકમાં શિવાજી યુવક મિત્ર મંડળ દ્વારા પણ ગણેશ ઉત્સવની વર્ષોથી ઉજવણી કરવામાં આવે છે અહીં વિઘ્નહર્તા દેવની દસ દિવસ શ્રદ્ધાપૂર્વક આરાધના યુવા મિત્રો દ્વારા કરવામાં આવે છે તેમજ રાત્રીના ભગવાન સત્યનારાયણ દેવની કથા તેમજ રાસગરબા ધૂન ભજન સહિતના કાર્યક્રમો યોજાય છે તેમજ હરિઓમ નગર સહિતની સોસાયટીમાં પણ ભવ્ય અને દિવ્ય ગણેશ ઉત્સવની ઉજવણી કરવામાં આવે છે.અહીં સોસાયટીના રહીશો સમૂહ આરતી અને રાસગરબાની રમઝટ બોલાવે છે.

અનેકવિધ
સંસ્થાઓના માધ્યમથી
આધુનિક અમરેલીના નિર્માણમાં જેમનો સિહ ફાળો છે
એવા સર્વ સખા- સર્વ મિત્ર

# શ્રી પી. પી. સોજીત્રાના
# 62 માં જન્મદિન નિમિતે...



## રકતતુલા અને વિવિધ સંસ્થાઓ દ્વારા અભિવાદન

તારીખ :
29 સપ્ટેમ્બર,
શુક્રવાર, સાંજના 5-30 કલાકે.

સ્થળ : કડવા પટેલવાડી,
હનુમાનપરા, અમરેલી.

## અમરેલીના સ્વપ્નદ્રષ્ટાનું સન્માન

Design by : PEECEEGRAFIK

શુભેચ્છક



**ડૉ. ભરત કાનાબાર**
પૂર્વ પ્રમુખ
જિલ્લા ભાજપ

**શૈલેષભાઈ સંઘાણી**
ચેરમેન
અમરેલી માર્કેટયાર્ડ

**જયેશભાઈ નાકરાણી**
ચેરમેન
અમરેલી નાગરિક સહકારી બેન્ક

એ.ડી. રૂપારેલ
ભાવીનભાઈ સોજીત્રા
ડો. જી.જે. ગજેરા
વિપલભાઇ ભટ્ટી
બિપીભાઈ ગાંધી
રાજુભાઈ કામદાર
દિપકભાઇ વઘાસીયા
દિપકભાઈ ધ્રુવ
ધાર્મિક રામાણી
ભરતભાઇ સોરઠીયા
એમ.કે. સાવલીયા
અમીત કાકડીયા

જીતુભાઈ ગોળવાળા
દિનેશભાઈ ભુવા
ડો. હર્ષદ રાઠોડ
ટોમભાઈ અગ્રાવત
નરેશભાઈ કોરડીયા
નિલેશ જોષી (બેદી)
ચિરાગભાઈ ચાવડા
મુસ્તાકભાઇ તેલી
ડેની રામાણી
મનીષભાઇ ડોબરીયા
શાંતિલાલ સાવલીયા

મુઝફરહુસેન સૈયદ
મધુભાઈ આજુકીયા
ડો. અશોકભાઈ પરમાર
ડો. ભરત પાડા
બોબીભાઈ રઇશ
તુલસીભાઈ મકવાણા
અરવિંદભાઈ સીતાપરા
જીજ્ઞેશ કાબરીયા
કે.પી. ભડકોલીયા
તેજસભાઈ દેસાઇ
હિરેન મહેતા
હિરેન સોજીત્રા

ચેતનભાઈ રાવળ
બકુલભાઇ પંડયા
વિઠ્ઠલભાઈ બાંભરોલીયા
ડો. ડી.એમ. ઉનડકટ
ડી.જી. મહેતા (પેન્ટર)
ડો. નિખીલ જાની
જોગી પેન્ટર
પરેશભાઈ આચાર્ય
મહેન્દ્રભાઈ બગડા
પોપટલાલ કાશ્મીરા
વિઠ્ઠલભાઇ રાદડીયા
રાજુભાઈ (પ્રેસ)
રાહુલ ભુવા

વનરાજભાઈ પટેલ (આર્કીટેકટ)
જે.એલ. સોજીત્રા
રફીકભાઈ ફુલવાળા
ડો. પિયુષ ગોસાઇ
સંદીપ માંગરોળીયા
યોગેશ ગણાત્રા
તરંગ પવાર
યોગેશભાઈ કોટેચા
જીતભાઈ દેસાઇ
ભુપતભાઈ સાવલીયા
ધવલ કાબરીયા
નિલેશ જોષી (લાલો)
સિકંદર પઠાણ

કમલેશ ગરણીયા
હિંમતભાઈ સરખેદી
ભરતભાઇ કાનાણી
ડો. રાજુ કથીરીયા
હાર્દિક સેંજલીયા
ઘનશ્યામભાઇ રૈયાણી
જનકભાઈ વિછીંયા
જગદીશભાઈ સેલાણી
ધ્યેય પંડયા
પ્રકાશ ભડકણ
રોહીત સુખડીયા
મિશ્રા (માસ્તર)
ઉમેદસિંહ ખાચર
સાજીદ ધોધારી

**પી.પી. સોજીત્રા સન્માન સમિતિ**


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)